RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 311, Dt.21-02-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ખેડૂત આંદોલનને પગલે દિલ્હી બોર્ડર પર ભારેલો અગ્નિ



## હરિયાણા સરહદથી ખેડૂતો માત્ર ૫૦ મીટર દૂર, પોલીસ દ્વારા સતત ટીયર ગેસનો મારો ચલાવાયોઃ ૧૪૦૦૦ ખેડૂતોનું દિલ્હી ચલો આંદોલનઃ દિલ્હીમાં સુરક્ષા-વ્યવસ્થા સંગીન બનાવાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લઘુત્તમ ટેકાના ભાવ પર પાક ખરીદવાની કેન્દ્ર સરકારની ઓફરને નકારી કાઢયા પછી, ખેડૂતો આજે 'દિલ્હી ચલો' કૂચ ફરી શરૂ કરવા માટે તૈયાર છે. આ વખતે ખેડૂતો ભારે JCB મશીનો સાથે બોર્ડર પર પોલીસની કિલ્લેબંધી તોડવા માટે તૈયાર છે. આને ધ્યાનમાં રાખીને હરિયાણા પોલીસ ડીજીપીએ પંજાબ ડીજીપીને પત્ર લખીને શંભુ બોર્ડર અને ખાનોરી બોર્ડર પર પોકલેન મશીનો અને જેસીબી મશીનોને રોકવા અને જપ્ત કરવા કહ્યું છે.

ખેડૂતોની 'દિલ્હી ચલો' માર્ચને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસે પણ રાષ્ટ્રીય રાજધાનીમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દીધી છે. શહેરની ટિકરી, સિંઘુ અને ગાઝીપુર બોર્ડર પર સુરક્ષા જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. સુરક્ષા કંપનીઓએ મંગળવારે મોક ડ્રીલ હાથ ધરી હતી જેથી કોઈપણ સંભવિત પરિસ્થિતિ માટે તેમની તૈયારી સુનિશ્ચિત કરી શકાય.

દરમિયાન, ખેડૂતોની 'દિલ્હી ચલો' કૂચને ધ્યાનમાં રાખીને, હરિયાણા સરકારે ૭ જિલ્લામાં બુધવાર સુધી મોબાઇલ ઇન્ટરનેટ અને મોટી સંખ્યામાં 'એસએમએસ' મોકલવાની સેવાઓ પરનો પ્રતિબંધ લંબાવ્યો છે. સરકાર સાથે ચાર વાટાઘાટો અનિર્ણાયક રીતે સમાપ્ત થયા બાદ આજે ખેડૂતો ફરી દિલ્હી તરફ કૂચ કરવાની તૈયારી કરી રહ્યા છે. ખેડૂત આંદોલનમાં સામેલ ૧૪ હજાર ખેડૂતો આજે તેમના ૧૨૦૦ ટ્રેક્ટર સાથે ફરી આગળ વધવાનો પ્રયાસ કરશે. તેને જોતા શંભુ અને ખનૌરી બોર્ડર પર ખાસ એલર્ટ છે. પંજાબના ડીજીપીએ તમામ રેન્જના એડીજી, આઈજીપી અને ડીઆઈજીને પત્ર લખીને પોકલેન, જેસીબી, ટીપર અને હાઈડ્રા જેવા ભારે વાહનોને કોઈપણ સંજોગોમાં પંજાબ-હરિયાણાની ખનૌરી અને શંભુ બોર્ડર તરફ આગળ વધવાની મંજૂરી ન આપવા જણાવ્યું છે. હરિયાણા પોલીસે ખેડૂતોને ભારે મશીન ઉપલબ્ધ કરાવનારાઓ માટે એલર્ટ જાહેર કર્યું છે. પોલીસે કહ્યું છે કે કળપા કરીને પ્રદર્શનકારીઓને તમારા ઉપકરણોની સેવાઓ પ્રદાન કરશો નહીં. બીજી તરફ, શંભુ અને ખનૌરી બોર્ડર પર સુરક્ષા દળો એલર્ટ પર છે. અહીં મોટી સંખ્યામાં સુરક્ષાદળો તહેનાત છે. આ દરમિયાન હરિયાણા પોલીસે શંભુ બોર્ડર પર ડ્રોન દ્વારા ટિયરગેસના શેલ છોડવાનું શરૂ કર્યું છે, જેનાથી બચવા માટે ખેડૂતોએ ખાસ માસ્ક અને ઇયર બડ્સ પહેર્યાં હતાં.

## વેક્સિનની લોકોના સ્વાસ્થ્ય પર પ્રતિકુળ અસર પડી

### માસપેસીમાં સોજો, મગજમાં લોહીનો ગઠ્ઠો અને હૃદયરોગ સંબંધિત બિમારીઓમાં વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોરોના મહામારીથી બચાવ માટે લોકોને લગાવવામાં આવેલ વેકિસનની સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર પડી છે. દુનિયાના અનેક દેશોમાં વેકિસનની સુરક્ષા પર કરવામાં આવેલા અત્યાર સુધીના અધ્યયન અનુસાર વેકિસનના કારણે ન્યુરોલોજીકલ લોહી અને હદય સંબંધી બીમારીઓમાં થોડો વધારો થયો છે. આ અધ્યયન ગ્લોબલ કોવિડ વેકિસન સેફટી પ્રોજેકટ અંતર્ગત ગ્લોબલ વેકિસન ડેટા નેટવર્ક દ્વારા કરવામાં આવ્યો છે.




સંશોધકોએ મુખ્યત્વે ફાઈઝર, બાયોએન્ટેક સંસઈ અને મોડર્ના દ્વારા બનાવવામાં આવેલ એમઆરએનએ વેકિસન અને એસ્ટ્રાજેમેકા દ્વારા નિર્મિત વેકિસન માટે લોકો પર અધ્યયન કર્યુ છે.

સંશોધન મુજબ એમઆરએમએ વેકિસનથી મહામારીની શરૂઆતમાં હદય સંબંધિત સોજાનો ખતરો અને મગજમાં લોહીના ગઠ્ઠાનો ખતરો વધી ગયો હતો. એસ્ટ્રાજેનેકાના વાયરલ વેકટર વેકિસનથી રસીકરણ સમસ્યા બહાર આવી હતી, જે પ્રતિરક્ષા સિસ્ટમ તંત્રિકા તંત્રને નુકસાન પહોંચાડે છે.

અસરોની ઓળખઃ સંશોધકોએ કોરોના વેકિસન લીધા બાદ સ્વાસ્થ્ય પર પડેલી ૧૩ પ્રતિકૂળ અસરોની ઓળખ કરી છે અને જાણવા મળ્યું કે માયોકાર્ડિટીસ, હદયની માંસપેશીઓમાં સોજો, એમઆરએનએ વેકિસનની પહેલા બીજા અને ત્રીજા ડોઝ બાદ લોકોને સતત સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો.

આ સંશોધન ૮ દેશો આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ડેન્માર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, ન્યુઝીલેન્ડ અને સ્કોટલેન્ડમાં રસીકરણ કરાવેલ લગભગ એક કરોડ લોકોમાં કરાયું હતું.

## આગામી તા.૧૧ માર્ચથી ધો.૧૦-૧૨ની પરીક્ષાનો પ્રારંભઃ રાજયના ૧૫.૩૯ લાખ વિદ્યાર્થીઓ આપશે પરીક્ષા

### શિક્ષણ બોર્ડ દ્વારા તૈયાર કરાયો એકશન પ્લાનઃ જિલ્લા કક્ષાએ પરીક્ષાની વ્યવસ્થા માટે બેઠકનો દોર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી માર્ચ માસમાં પરીક્ષાની મોસમ ખીલી ઉઠશે. ગુજરાત રાજ્ય માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૧૧ માર્ચથી ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષાનો પ્રારંભ થઇ રહયો છે. ત્યારે આ વર્ષે પણ ૧૫ લાખ ૩૯ હજાર વિદ્યાર્થીઓ તેની કારકીર્દીની મહત્વની કસોટી આપવા ઉત્સુક છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦-૧૨ ની પરીક્ષાનું સુચારૂ આયોજન માટે એકશન પ્લાન જાહેર કર્યો છે. ધો.૧૦-૧૨ની પરીક્ષા




ધો.૧૧ માર્ચથી ૩૦ માર્ચ દરમિયાન લેવાશે. ધો.૧૧માં નિયમીત વિદ્યાર્થીઓની સંખ્યા ૭૦૬૩૨૧ છે. ખાનગી વિદ્યાર્થીઓ ૧૬૫૮૪૫, રીપીટર ૪૫૭૦ વિદ્યાર્થીઓ છે. ૩૧૮૪ બીલ્ડીંગમાં ૩૧૮૨૯ બ્લોકનાં પરીક્ષા લેવાશે.

જયારે ધો.૧૨ સાયન્સ પ્રવાહમાં રેગ્યુલર વિદ્યાર્થીઓની સંખ્યા ૩૮૦૨૬૮, રીપીટર ૬૧૧૩૦, ખાનગી વિદ્યાર્થીઓ ૪૯૪૦ છે. જયારે ધો.૧૨ સાયન્સમાં કુલ ૧૩૧૯૮૭ વિદ્યાર્થીઓ છે. ૫૬ ઝોનમાં ૬૧૫ બિલ્ડીંગોમાં ૬૭૧૫ બ્લોકમાં પરીક્ષા લેવાશે.

ધો.૧૨ સાયન્સમાં વિજ્ઞાન પ્રવાહમાં એ ગ્રુપમાં ગત વર્ષની સરખામણીમાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ ઓછા નોંધાયા છે. જયારે બી ગ્રુપના ૨૮૦૦ વિદ્યાર્થીઓ વધુ નોંધાયા છે. ધો.૧૦-૧૨ની પરીક્ષા ન્યાયીક માહોલમાં યોજાઇ તે માટે શિક્ષણ બોર્ડ દ્વારા જિલ્લા મથકે સુપરવાઇઝર, શાળા સંચાલકો, શિક્ષકો, વહીવટી તંત્ર સાથે બેઠકો યોજશે.

## દારૂની હેરાફેરી કરતા વાહનો હવે જપ્ત કરીને વેચી નંખાશેઃ સરકારે કરી લાલ આંખ

### આખરી જોગવાઈઓ સાથેનો મુસદ્દો તૈયારઃ વિધાનસભાના વર્તમાન સત્રમાં જ રજૂ કરાશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગીફ્ટ સીટીમાં દારૂબંધીમાં છુટછાટ આપવા સાથે રાજયના વધુ પ્રવાસન સ્થળોમાં નશાબંધી કાયદો હળવો કરવાનાં સંકેતોની વિપરીત રાજય સરકાર દારૂબંધીના કાયદાને વધુ કડક કરવાની તૈયારીમાં છે.હવે દારૂ સાથે પકડાતા વાહન કાયમી રીતે જપ્ત કરી લેવાની અને તત્કાળ હરરાજી કરીને વેંચી નાખવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે.વિધાનસભાનાં વર્તમાન સત્રમાંજ આ કાનુની સુધારો દાખલ કરીને મંજુર કરવામાં આવે તેવી સંભાવના છે.



રાજયના નશાબંધી તથા આબકારી વિભાગ દ્વારા આ આકરી દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે.દારૂ ભરેલા વાહનને જપ્ત કરીને વેંચી નાખવાની પ્રક્રિયામાં જે નાણાં મળે તે સરકારી તિજોરીમાં જમા કરવાની જોગવાઈ રાખવામાં આવી છે.

રાજય સરકારનાં ગૃહ, કાયદા તથા સંસદીય બાબતોનાં વિભાગો દ્વારા સંયુકત રીતે કાયદામાં સુધારાના મુસદાની ચકાસણી કરવામાં આવી રહી છે. તેના દ્વારા લીલીઝંડી મળ્યે વિધાનસભાનાં વર્તમાન સત્રમાં પેશ કરાશે. વિધાનસભાનું વર્તમાન બજેટ સત્ર ૨૯ ફેબ્રુઆરી સુધી ચાલવાનું છે.

રાજય સરકારના એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે દર વર્ષે હજારોની સંખ્યામાં દારૂ ભરેલા વાહનો પકડાય છે.ટુ-વ્હીલરથી માંડીને ટ્રક સુધીના વાહનો મારફત દારૂની હેરાફેરી થતી હોય છે. કેટલાંક કેસોમાં અદાલતના આદેશના આધારે આરોપીઓ વાહનો છોડાવી જાય છે અને ફરી વખત વાહનોનો ઉપયોગ દારૂની હેરાફેરી માટે કરવામાં આવે છે.

દારૂ ભરેલા વાહનો વિશે અનેક કિસ્સામાં દાવા પણ થતા નથી અને તેના નિકાલમાં લાંબો વખત લાગી જાય છે. આ વાહનો સાચવવામાં પણ પોલીસને ઘણી મુશ્કેલી પડે છે. કારણ કે પોલીસ સ્ટેશનમાં જગ્યા હોતી નથી.

આ મુશ્કેલી દુર કરવાની સાથોસાથ દારૂબંધીના કાયદાને વધુ કડક બનાવવાનાં બેવડા ઉદેશ સાથે સરકારે દારૂની હેરફેરમાં સામેલ વાહનોનો કબ્જો લઈને હરરાજીથી વેચાણ કરી નાખવાની દરખાસ્ત તૈયાર કરી છે.

સરકારનું માનવુ છે કે, આ આકરી જોગવાઈથી બુટલેગરોને દારૂની હેરફેર કરતાં રોકી શકાશે. ઉપરાંત દારૂની ગેરકાયદે ખરીદી વેચાણ કરનારા લોકો પણ વેચાઈ જવાની બીકે ધંધો કરતા અટકશે. સુત્રોએ કહ્યું કે ૨૯ ફેબ્રુઆરીએ બજેટ સત્ર પૂર્ણ થાય તે પૂર્વે જ આ સુધારા વિધેયક વિધાનસભામાં દાખલ કરવાનો સરકારનો ઈરાદો છે.

આ પૂર્વે ગુજરાત સરકારે ફેબ્રુઆરી ૨૦૧૭ માં દારૂબંધીનો કાયદો કડક બનાવ્યો હતો. દંડ-જેલસજાની જોગવાઈમાં વધારો કર્યો હતો. ગેરકાયદે દારૂ વેચનારાને ૧૦ વર્ષની જેલસજાની જોગવાઈ કરવામાં આવી હતી તે અગાઉ ત્રણ વર્ષની જ હતી.

## બિહારમાં ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૯ના મોત

### ટ્રકે ટેમ્પોને જોરદાર ટકકર મારતાં પલ્ટી ખાઈ ગયો

**મુખ્ય સમાચાર, પટણા**

બિહારમાં સર્જાયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં ૯ લોકો કાળનો કોળીયો બની ગયા હતા અને પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.



રાજયના મંગેર જિલ્લામાં ઝુલોના ગામ પાસે આ સર્જાયેલા ભયંકર માર્ગ અકસ્માતની પ્રાથમિક વિગતો પ્રમાણે નેશનલ હાઇવે ૩૦પર રોંગ સાઇડમાં ધસી આવેલા એક ટ્રકે સામેથી પ્રવાસીઓ સાથેના ટેમ્પોને જોરદાર ટક્કર મારી હતી. ટેમ્પો પલ્ટી ખાઇ ગયો હતો અને તેમાં મુસાફરી કરી રહેલા લોકોની મરણચીસોથી હાઇવે ગાંજી ઉઠયો હતો.દુર્ઘટના સ્થળે જ ૮ લોકોના મોત નિપજયા હતા. જયારે એક વ્યકિતએ હોસ્પિટલમાં દમ તોડયો હતો. અન્ય પાંચ લોકોની હાલત પણ ગંભીર ગણાવવામાં આવી રહી છે. આ દુર્ઘટનાની જાણ થતા પોલીસ સહિતનો સરકારી કાફલો બનાવ સ્થળે આવી પહોંચ્યો હતો અને ઇજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા. અકસ્માત એટલો ભયંકર હતો કેઅનેક લોકો હવામાં ઉછળીને ૨૦-૨૫ મીટર દુર ફંગોળાયા હતા.

## રેલ યાત્રિઓ માટે ૫૦ અમૃત ભારત ટ્રેનો પાટા પર દોડશે

### કેન્દ્ર સરકાર દ્વારા ૫૦ અમૃત ભારત એક્સપ્રેસને મંજૂરી અપાઈઃ અશ્વિની વૈષ્ણવ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય રેલવે દ્વારા થોડા સમય પહેલા જ યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને બે અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવામાં આવી હતી. તેમાંથી પ્રથમ ટ્રેન દરભંગા-અયોધ્યા-આનંદ વિહાર ટર્મિનલ વચ્ચે દોડાવવામાં આવી હતી. બીજી ટ્રેન માલદા ટાઉન-સર એમ વિશ્વેશ્વરૈયા ટર્મિનસ (બેંગલુરુ) વચ્ચે દોડી હતી. આ બંને ટ્રેનોની સફળ શરૂઆત બાદ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા ૫૦ અમૃત ભારત એક્સપ્રેસને મંજૂરી આપવામાં આવી છે.



રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ૫૦ નવી અમૃત ભારત ટ્રેનની મંજૂરી સાથે સંબંધિત માહિતી શેર કરી છે. આ નિર્ણય વડાપ્રધાન મોદી દ્વારા ૩૦ ડિસેમ્બરના રોજ શરૂ કરવામાં આવેલી અમૃત ભારત ટ્રેનોને મળેલા જબરજસ્ત પ્રતિસાદ બાદ લેવામાં આવ્યો છે. અમૃત ભારત ટ્રેનનું નિર્માણ સરકારે 'મેક ઈન ઈન્ડિયા' અંતર્ગત કર્યું છે. આ ભારતીય રેલવેની આધુનિક ટ્રેન છે. સામાન્ય માણસની સુવિધાને ધ્યાનમાં રાખીને આ ટ્રેન તાજેતરમાં જ શરૂ કરવામાં આવી હતી.

આ નોન-એસી ટ્રેનમાં સેકન્ડ કલાસ અનરિઝર્વ્ડ અને સ્લીપર કોચ છે. બંને છેડે ૬,૦૦૦ એચપી ઠબ્લ્યુએપી લોકોમોટિવના સાથે ટ્રેન ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડવામાં સક્ષમ છે. આ ટ્રેનમાં બે એન્જિન લગાવવામાં આવ્યા છે કારણ કે તે લિન્ક હોફમેન બુશ (કઇંઇ) પુશ-પુલ ડિઝાઈનવાળી હાઈ સ્પીડ ટ્રેન છે. ટ્રેનના આગળના ભાગમાં લગાવેલું એન્જિન ટ્રેનને આગળ ખેંચે છે. જ્યારે પાછળ લગાવવામાં આવેલું એન્જિન ટ્રેનને આગળ વધારવામાં મદદ કરે છે. જેના કારણે તે સરળતાથી હાઈ સ્પીડ હાંસલ કરી લે છે.

## હિમાચલ સહિત કાશ્મીરમાં ફરી હીમવર્ષાથી પ્રવાસીઓ ફસાયાઃ શ્રીનગરથી અનેક ફલાઈટ રદ કરાઈ

### હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પીતિ જિલ્લામાં કોમિક-હિક્કિમ રોડ પર ફસાયેલા પ્રવાસીઓને બચાવવા માટે રસ્તા પરથી બરફ હટાવવાની કામગીરી પુરજોશમાં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હિમાચલ પ્રદેશમાં ઊંચા પહાડો પર ભારે હિમવર્ષા થઈ રહી છે. જેના કારણે ૩૫૦થી વધુ રસ્તાઓ અને ૪૫૦થી વધુ વીજ ટ્રાન્સફોર્મર ઠપ થઈ ગયા હતા. અટલ ટનલથી રોહતાંગ સુધી વાહનોની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. તે જ સમયે, આજે પણ ૭ જિલ્લા શિમલા, મંડી, કુલ્લુ, લાહૌલ સ્પીતિ, કિન્નૌર, કાંગડા અને ચંબામાં ભારે વરસાદ અને હિમવર્ષાને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.





સૌથી વધુ હિમવર્ષા કુલ્લુ, ચંબા અને લાહૌલ સ્પીતિ જિલ્લામાં થઈ છે. લાહૌલ સ્પીતિ જિલ્લાની શાળાઓ અને કોલેજો સોમવાર અને મંગળવાર માટે બંધ રાખવામાં આવી છે. સોમવારે રાત્રે ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા અને રાજ્યના અન્ય ભાગોમાં ભારે વરસાદ થયો હતો. તે જ સમયે, છેલ્લા ૨૪ કલાકમાં શિમલા જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં જોરદાર વાવાઝોડાએ લોકોને પરેશાન કર્યા. રાત્રે શિમલાના ઊંચા વિસ્તારોમાં બરફની ચાદર છવાઈ ગઈ હતી.

અહીં, ભારે હિમવર્ષા વચ્ચે શ્રીનગર ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. એરપોર્ટ ડિરેક્ટરે મીડિયાને આ માહિતી આપી. જો કે, કેટલી ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી તે જણાવવામાં આવ્યું નથી.ભારે વરસાદને કારણે શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. રામબન અને બનિહાલ વચ્ચેના હાઈવે પર ભૂસ્ખલન, માટી ધસી પડવા અને પથ્થરો પડવાને કારણે વાહનોની અવરજવર બંધ થઈ ગઈ છે.

છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌથી વધુ તાજી હિમવર્ષા હિમાચલના કુકુમસાઈરીમાં ૫૫ સેમી, ઉદયપુરમાં ૪૫ સેમી, અટલ ટનલના સાઉથ પોર્ટલમાં ૩૫ સેમી, ગોંડલામાં ૩૩ સેમી, કેલોંગમાં ૨૫ સેમી નોંધાઈ છે.

હિમવર્ષા બાદ ઘણા વિસ્તારોમાં બરફના મોટા ટુકડા પડવાનો ભય છે. આને ધ્યાનમાં રાખીને પ્રવાસીઓ અને સ્થાનિક લોકોને બરફથી ઢંકાયેલા વિસ્તારોમાં ન જવાની સલાહ આપવામાં આવી છે. સરકાર અને વહીવટીતંત્રની ચેતવણીને અવગણીને કેટલાક લોકો ઊંચા વિસ્તારોમાં જઈ રહ્યા છે.હવામાન કેન્દ્ર શિમલાના અનુમાન મુજબ મંગળવારે પણ શિમલા, મંડી, કુલ્લુ, લાહૌલ સ્પીતિ, કિન્નૌર, કાંગડા અને ચંબા જિલ્લાના ઊંચા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ શકે છે. મંગળવાર અને બુધવારે અન્ય વિસ્તારોમાં પણ સારો વરસાદ થવાની સંભાવના છે. ઊંચાઈવાળા વિસ્તારોમાં ૨૪ ફેબ્રુઆરી સુધી હવામાન ખરાબ રહેવાની ધારણા છે.

# હત્યાના પ્રયાસ કેસમાં જામનગરના કોંગી કોર્પોરેટરની ધરપકડઃ જેલ હવાલે





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કોંગી કોર્પોરેટર અને પૂર્વ વીપક્ષી નેતા ની પોલીસ દ્વારા પાંચ માસ પહેલાંના હત્યા પ્રયાસ કેસમાં ધરપકડ કરી જેલ હવાલે કરાયા જામનગર મહાનગરપાલિકાના વિપક્ષી નેતા અને કોંગી કોર્પોરેટરની ગઈ રાત્રે પોલીસ દ્વારા હત્યા પ્રયાસ અંગેના પાંચ માસ જુના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી , અને અદાલત સમક્ષ રજુ કરાયા પછી તેને જેલમાં ધકેલી દેવા હુકમ થયો છે . જામનગર મહાનગરપાલિકાના પૂર્વ વિપક્ષી નેતા અને વોર્ડ નંબર ૧૨ ના કોંગી કોર્પોરેટર અસલમ ખીલજી કે જેની સામે આજથી પાંચ માસ પહેલાં સીટી એ . ડિવિઝન પોલીસ મથકમાં એક યુવાનની હત્યા નો પ્રયાસ કરવા અંગેનો ગુનો નોંધવામાં આવ્યો હતો , અને તે ગુનામાં છેલ્લા પાંચ વર્ષથી નાસ્તા ફરતા રહ્યા હતા . જામનગરના કાલાવડ નાકા બહાર રહેતા અબુ સૂફીયાન નામના યુવાન સાથે જુના ચૂંટણીના મન દુઃખ અંગે તકરાર ચાલતી હતી , અને મારામારીના કેસમાં જામીન પર છૂટ્યા પછી તુરત જ અસલમ ખીલજીના કહેવાથી તેના અન્ય ચાર સાગરીતો દ્વારા તેનું આપહરણ કરાયું હતું , અને જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો . જે અંગે સીટી એ . ડિવિઝન પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયા પછી આટલા સમયથી કોર્પોરેટર અસલમ ખીલજી નાસતા ફરતા રહ્યા હતા . દરમિયાન ગઈકાલે તેઓ જામનગરમાં આવ્યા હોવાની બાતમી મળતાં જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલની સૂચનાથી સીટી એ . ડિવિઝનના પી.આઇ. એન.એ. ચાવડા અને તેમની ટીમે અસલમ ખીલજીની ધરપકડ કરી લેવામાં આવી હતી , અને અદાલત સમક્ષ રજૂ કરાતાં તેને જેલમાં ધકેલી દેવા હુકમ થયો છે

# ઓખાથી બેટ દ્વારકાને જોડતા સિગ્નેચર બ્રિજનું તા.૨૫ ફેબ્રુઆરીના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી લોકાર્પણ કરશે








**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકા જિલ્લામાં ઓખાથી બેટ દ્વારકાને જોડતા સિગ્નેચર બ્રિજનું તા.૨૫ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી લોકાર્પણ કરશે. અંદાજીત રૂ. ૯૭૮.૯૩ કરોડના ખર્ચે આ વિશીષ્ટ કેબલ સ્ટેયડ બ્રિજનું નિર્માણ થયુ છે.આ તકે જિલ્લા કલેક્ટર જી.ટી.પંડ્યાએ જણાવ્યુ હતુ કે, ઓખા અને બેટ દ્વારકાને જોડતો ફોરલેન સિગ્નેચર બ્રિજ જે ૯૦૦ મીટર લોન્ગ સેન્ટ્રલ કેબલ મોડ્યુલ પર બનેલો છે. બ્રિજની કુલ લંબાઈ ૨૩૨૦ મીટર છે. ઓખા સાઈડ એપ્રોચ બ્રિજની લંબાઈ ૩૭૦ મીટર, બેટ સાઈડ એપ્રોચ બ્રિજની લંબાઈ ૬૫૦ મીટર અને ૯૦૦ મીટર કેબલ સ્ટેઈડ બ્રીજ છે. આ બ્રિજ બનતાં ઓખા અને બેટ દ્વારકા વચ્ચે પરંપરાગત માર્ગથી જે બોટ દ્વારા યાત્રિકો અને ત્યાંના લોકોએ અવરજવર કરવી પડતી હતી તેના બદલે હવે બ્રિજનો ઉપયોગ થશે. બોટમાં મુસાફરી માટે અંદાજિત ૩૦થી૪૦ મિનિટનો સમય લાગતો હતો તે હવે ઘણો જ ઓછો સમય લાગશે.વધુમાં કલેક્ટરએ જણાવ્યુ હતુ કે, રાહદારીઓ માટે વ્યુઈંગ ગેલેરીની પણ સુવિધા કરેલી છે. ફુટપાથની બાજુ પર કાર્વિંગ પથ્થર પર કોતરણી કામ કરી ભાગવત ગીતાજીનાં શ્લોકો દર્શાવવામાં આવ્યા છે. જે આકર્ષણ કેન્દ્ર વધારશે.બ્રિજના મુખ્ય ગાળામાં બંને પાયલોન પર ૨૦ ડ્ઢ ૧૨ મીટરના ૪ મોરપંખ આકારવામાં આવ્યા છે. આ બ્રિજની બંને તરફની ફુટપાથ પર ૧ મેગાવોટ વિજળીનું ઉત્પાદન કરવા માટે સોલાર પેનલ લગાવવામાં આવી છે. બ્રીજ પર ૧૨ જેટલા લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યુઇંગ ગેલેરી બનાવવામાં આવી છે. આ બ્રિજથી દ્વારકા, ઓખા અને બેટ-દ્વારકામાં રહેતા લોકોને રોજગારીની નવી તકો મળશે તેમજ ભગવાન કુષ્ણનાં દર્શનાર્થે આવતા પ્રવાસીઓને બ્રિજની સગવડતા મળવાથી સરળતાથી દર્શનનો લાભ મળશે.

# મોરબીનાં ગાળા ગામે ગેરકાયદેસર દબાણ દૂર કરી રસ્તો પહોળો કરવાની કામગીરીની શરૂઆત

**મુખ્ય સમાચાર, મોરબી**





મોરબી જિલ્લા પંચાયતના ચેરમેન અજય લોરિયાની હાજરીમાં ગાળા ગામમાં રસ્તા પરના નડતરરૂપ આઠેક જેટલા બાંધકામનો ભુક્કો બોલાવી રસ્તો ખુલ્લો કરાવવામાં આવ્યો હતો. મળતી માહિતી અનુસાર, મોરબીના ગાળા ગામના પાદરમા રસ્તાને નડતર રૂપ દબાણો ઉપર જિલ્લા પંચાયતનું બુલડોઝર ફરી વળ્યું હતું ગામના પાદરમાં રહેણાક મકાનોના દબાણ હોવાથી રસ્તો સાંકળો બની ગયો હતો. જે સંદર્ભે જિલ્લા પંચાયતના સિંચાઈ સમિતિના અધ્યક્ષ અજય લોરિયાની હાજરીમાં તંત્ર દ્વારા ગેરકાયદેસર બનાવાયેલ બાંધકામના દબાણ દૂર કરી રસ્તો ખુલ્લો કરાવવામાં આવ્યો હતો. વર્ષોથી રોડનો પડતર પ્રશ્ન ગ્રામજનોને સતાવતો હોય જેનું નિરાકરણ થતા ગ્રામજનોમાં હર્ષની લાગણી છવાઈ હતી

# દુકાનમાં થયેલી રૂ. ૩.૩૦ લાખની રોકડની ચોરીના આરોપીઓ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર ખંભાળિયાના મિલન ચાર રસ્તા નજીક વિજય સિનેમા પાસે આવેલી ભગાભાઈની હોટલમાંથી થોડા દિવસો પૂર્વે એક કબાટમાં રાખવામાં આવેલા રૂપિયા ૩,૩૦,૦૦૦ ની રોકડ રકમ કોઈ તસ્કરો તાળું તોડીને લઈ ગયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. આ પ્રકરણ સંદર્ભે અહીંના ઈન્ચાર્જ પી.આઈ. શક્તિસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. વી.બી. પીઠિયા તેમજ તેમની ટીમ દ્વારા વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જેને અનુલક્ષીને હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ નટુભા જાડેજા, ખીમાભાઈ કરમુર તેમજ હેમતભાઈ નંદાણીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે અત્રે અજમેર પીરની ટેકરી પાસે રહેતા સંજુ રમુ ચુનીલાલ ગોદળીયા (ઉ.વ. ૧૯) અને રામુ કરસન જેસીંગ ભાટી (ઉ.વ. ૧૯) નામના બે લવર મૂછીયા શખ્સો તેમજ અન્ય એક કાયદાથી સંઘર્ષિત કિશોરને ઝડપી લઇ, આ આરોપીઓ પાસેથી ચોરીના રૂપિયા ૩, ૩૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ શખ્સો અગાઉ હોટલમાં કામ કરી ચૂક્યા હતા અને તેઓએ આ ચોરીને અંજામ આપ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. આ પ્રકરણમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર શહેરમાંથી ખાદ્ય સામગ્રીના ૫૦ નમુના લેવાયા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા ની ફુડ શાખા દ્વારા શહેરના અલગ અલગ સ્થળોએ થી ૫૦ જેટલા ખાદ્ય પદાર્થ ના નમુના લેવામાં આવ્યા હતા, અને તેને પૃથ્થકરણ માટે લેબમાં મોકલવામાં આવ્યા છે. અઠવાડિયા દરમિયાન મળેલી ઓનલાઈન તેમજ ટેલીફોનીક ઓફલાઇન ફરીયાદ નો નિકાલ કરવા માટેની ફૂડ વિભાગ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. રાજ્ય સરકાર ની ડ્રાઈવ અંતર્ગત જામનગર મહાનગરપાલિકા ના ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા શહેર નાં ગ્રેઇન માર્કેટ , દાણપીઠ ,બારદાનવાલા રોડ , કડીયાવાડ જેવા વિસ્તારમાં માંથી કુલ ૫૦ મિલેટ્સ ખાદ્ય પદાર્થ ના નમુના લઈ પરીક્ષણ અર્થે રાજકોટ ની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા. જેના પૃથ્થકરણનો રીપોર્ટ મળ્યા પછી નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે. તેમજ જામનગર મહાનગરપાલિકા ના એફ.એસ.ઓ.દ્વારા કાલાવડનાકા બહાર આવેલાં સ્લોટર હાઉસ ની સરપ્રાઈઝ વિઝીટ કરી જરૂરી સુચનાઓ આપવામાં આવી.હતી.

# મોરબીના ધારાસભ્ય ઝેરી કેમિકલ નાંખી પર્યાવરણ બગાડનારને શા માટે મદદ કરે છે?

## જી.પી.સી.બી અને પોલીસ વિભાગ આ બાબત કેમ ચૂપ છે? કોંગ્રેસ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી ના ધારાસભ્ય અવાર નવાર વિડિયો જાહેર કરી પોતે દરેક ને મદદ કરે છે એવી ખોટી ડંફાસ મારી મોરબી માળિયા ની પ્રજા ને શું મૂર્ખ સમજે છે? જ્યારે જ્યારે પ્રજા વીરોધી કાંડ બહાર આવે તેમાં મોરબી ના ધારાસભ્ય ની સંડોવણી ના હોય તેવું નથી બન્યું

ભૂતકાળ માં વ્યાજ વટાવ ના ઘધાં ની વાત હોય તો એમાં પણ તેમનું નામ જાહેર થયેલ તેવી જ રીતે દુકાન ખાલી કરાવવા નું કામ હોય તો તેમાં પણ તેઓ દુકાન ખાલી કરવા માટે બેફામ ગાળો આપતા હોય તેવા કોલ રેકોર્ડિંગ ની ક્લિપ પ્રજા ને સાંભળવા મળેલ ત્યાં પાછું ઘુટુ ગામ પાસે કોઈ માણસ ટેન્કર દ્વારા ગામ ના પાણી અને પર્યાવરણ બગાડવા માટે કેમિકલ્સ ભરેલ ટેન્કર ખાલી કરવા આવેલ ગામ ના જાગૃત લોકો એ એ ટેન્કર ને પકડી પાડેલા પરંતુ જે વિભાગ ની જવાબદારી છે તે જી.પીસી.બી.અને પોલીસ વિભાગ આ કામગીરી કેમ નથી કરતા? તેઓ આવા ઘઘા કેમ ચાલવા દે છે? એ પણ વિચાર માંગી લે તેવી વાત છે ગ્રામજનો એ પકડેલ ઝેરીકેમિકલ નું ટેન્કર અને માણસો ને છોડાવવા અને તેના બચાવ માટે મોરબી ના ધારાસભ્ય આવે તે કેટલી શરમજનક બાબત છે

તમામ કાળા અને પ્રજા વિરોધી કામગીરી માં મોરબી ના ધારાસભ્ય ની ક્યાંક ક્યાંક સંડોવણી બહાર આવે છે તો મોરબીની પ્રજા એ તમને આ માટે મત આપી ચૂંટેલ છે? કે તમો મોરબી માળિયા ની પ્રજા ના સ્વસ્થ્ય સાથે ખેલ કરો આવા ઝેરી કેમિકલ ને કારણે રોગચાળો ફેલાય છે જમીન ખરાબ થાય છે સાથે મૂંગા પશુ જીવજંતુ પણ મરણ પામે છે સાથે પર્યાવરણ ને પણ પારાવાર નુકસાન થાય છે ત્યારે આવા ઝેરી કેમિકલ જ્યાં ત્યાં નાખતા લોકો ને સજા આપવાને બદલે સાથ આપવા ધારાસભ્ય કેમ આગળ આવે છે.? આ બાબતે તો અધિકારીઓ પાસે કડક કાર્યવાહી કરાવી જોઈએ જેથી આવા લોકો ફરી વખત જ્યાં ત્યાં ઝેરી કેમિકલ ઠાલવે નહીં અને પર્યાવરણને નુકસાન ન કરે તે જોવું જોઈએ પણ અહી તો રક્ષક જ ભક્ષક નીકળે ત્યારે પ્રજા ફરિયાદ પણ કોને કરે? પ્રજાના પ્રતિનિધિ તરીકે પ્રજાના સાથે ઉભુ રહેવું જોઈએ તેના બદલે મોરબી ના ધારાસભ્ય ગેર કાયદેસર ધંધા કરતા લોકો સાથે ઊભા રહે છે તે તેમના માટે શરમજનક બાબત કહેવાય ઝેરી કેમિકલ ગમે ત્યાં ઠાલવતાં લોકો સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવા માં કરવા માં આવે તેવી રજૂઆત મોરબી જિલ્લા કોંગ્રેસ ના મહામંત્રી મહેશ રાજ્યગુરુ તેમજ મોરબી તાલુકા પ્રમુખ કેડી પડસુંબિયા ગુજરાત પ્રદેશ માલધારી સેલ ના પૂર્વ ઉપ પ્રમુખ રમેશ રબારી .અને. કે. ડી બાવરવા પૂર્વ પ્રદેશ ઓબીસી સેલ ઉપપ્રમુખ એલ.એમ. કંજારિયા વગેરે ની પ્રેસ યાદી જણાવે છે

# રાજુલાની બાલકિષ્ના વિદ્યાપીઠ ખાતે સાસંદ ખેલ સ્પર્ધાનુ આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, રાજુલા**





ભારત સરકારના રાજ્ય સભાના સાસંદ તેમજ કેન્દ્રીય મંત્રી અને પરશોતમ રૂપાલા દ્વારા સાસંદ ખેલ સ્પર્ધા ૨૦૨૩-૨૦૨૪ નુ સુંદર આયોજન કરવામા આવ્યું છે. ખાસ અમરેલી જીલ્લાના રમતવીરો માટે સાસંદ ખેલ સ્પર્ધાનો ૧૫ ફેબ્રુઆરીના રોજ શુભારંભ કરવામા આવ્યો હતો. ત્યારે રાજુલા શહેરની બાલકિષ્ના વિદ્યાપીઠ ખાતે તાલુકા કક્ષાની સાસંદ ખેલ સ્પર્ધાનો શુભારંભ કરાયો હતો. ત્યારબાદ પધારેલ મહેમાનોનુ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયું હતું. આ સાસંદ ખેલ સ્પર્ધા અંતર્ગત રાજુલા તાલુકાની વિવિધ શાળાઓના અન્ડર ૧૯ અને ઓપન એઇઝના વિદ્યાર્થી ભાઇઓ-બહેનોએ ભાગ લીધો હતો. જેમા કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, ચેસ, યોગાસન, રસાખેચ જેવી વિવિધ રમતોનુ આયોજન કરવામા આવેલ. આ સ્પર્ધામા વિદ્યાર્થીઓએ પોતામા રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવી રમતો રજૂ કરી હતી. આ ખેલ સ્પર્ધા અંતર્ગત વિદ્યાર્થીઓમા ખૂબજ ઉત્સાહ જોવા મળ્યો હતો. અને આજે સાસંદ ખેલ સ્પર્ધા સંપન્ન થયો હતો

# જામનગરમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બન્યું

**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગરમાં એ.પી.એમ.સી.હાપા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતમાં યોજાયેલ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેંચાણ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.રાજ્યપાલએ આ કેન્દ્રની મુલાકાત લઇ પ્રાકૃતિક કૃષિકારો સાથે વાર્તાલાપ કર્યો હતો અને તેઓએ અપનાવેલ વિવિધ પદ્ધતિઓથી માહિતગાર થયાં હતાં.આ કેન્દ્રમાં જામનગર જિલ્લાના ઠેબા, સુમરી, ભીમકટા, જશાપર, ધ્રોલ, લતીપર, રામપર, મોટી રાફુદળ, ચેલા, દડીયા, સડોદર, નાની ભલસાણ, આણંદપર સહિતના ગામોથી પ્રાકૃતિક કૃષિકારો ઉપસ્થિત રહ્યા હતા જેમણે કઠોળ, લીલાં શાકભાજી, મરી મસાલા, હલકાં ધાન્ય, હળદર, ગૌ મૂત્ર આધારિત ઉત્પાદનો, ગુલકંદ, રાગી, સ્ટ્રોબેરી, મરચું પાવડર, કીનોવા સહિતના ઉત્પાદનો પોતાના કૃષિ સ્ટોલમાં પ્રદર્શન તથા વેંચાણ અર્થે રજૂ કર્યા હતા.

# ધોરાજી પી.આઈ તરીકે આર.જે. ગોધમ અને તાલુકામાં પીએસઆઇ વી.જી.જેઠવાએ ચાર્જ સંભાળ્યો

**મુખ્ય સમાચાર, કૌશલ સોલંકી**





**ધોરાજી:** ધોરાજી શહેર પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ અનિરુદ્ધસિંહ ગોહિલ ની બદલી કેશોદ થતાં તેમની ખાલી જગ્યા એ પાટણ (ગુજરાત) ખાતેથી આવેલા આર.જે ગોધમ એ ધોરાજી શહેર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે ચાર્જ સંભાળ્યો હતો.જ્યારે ધોરાજી તાલુકાના નવા પોલીસ સ્ટેશન ખાતે ધર્મેન્દ્ર રાખોલીયા પીએસઆઇ ની બદલી થતાં તેમને ખાલી જગ્યાએ મોરબી ખાતેથી વી.જી જેઠવા એ પીએસઆઇ તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં જામનગરમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**







જામનગરમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતમાં જામનગરમાં હાપા એ.પી.એમ.સી. ખાતે પ્રાકૃતિક કૃષિ અંગે પરિસંવાદ યોજાયો હતો. જેમાં રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત ખેડૂતો, સખી મંડળો, શિક્ષકો અને યોગ પ્રશિક્ષકોને જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રમાં ગુજરાત રાજ્યએ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્યમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના સતત અને સફળ નેતૃત્વમાં ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનું સફળ અભિયાન ચાલી રહ્યું છે. કૃષિ વિભાગના માર્ગદર્શન હેઠળ આત્મા પ્રોજેક્ટની ટીમ રાજ્યના વિવિધ ગામડાઓમાં જઈને ખેડૂતોને નિઃશુલ્ક માર્ગદર્શન પૂરું પાડે છે. રાજ્યના ૯ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે.પ્રાકૃતિક ખેતીના ઘણા ફાયદાઓ છે. પ્રાકૃતિક ખેતીમાં ખર્ચ ઓછો થાય છે. રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની આવક બમણી થઇ છે. જામનગર જિલ્લાના ૪૦,૦૦૦થી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે.એક સફળ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવાના ૫ આયામો છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ ઉચ્ચ ગુણવતાયુક્ત બીજની પસંદગી કરવી જોઈએ. બીજામૃત થકી ખેતરમાં વાવેતર કરવું જોઈએ. પહેલા વર્ષ દરમિયાન ખેતરમાં ઘન જીવામૃતનો ઉપયોગ કરવો જોઈએ. ત્રણ વર્ષ બાદ ઓછી ઘનતા ધરાવતું ઘન જીવામૃત વાપરી શકાય છે. પાકને પાણી આપતી વખતે ૧૦ લીટર પાણીમાં ૨ લીટર જેટલું જીવામૃત ઉમેરવું જોઈએ. આ નિયમો અનુસાર ખેતી કરવાથી ઉત્પાદન કરવાથી ક્યારેય ઓછી માત્રામાં ઉત્પાદન મળતું નથી. પ્રાકૃતિક ખેતીમાં ગોબર અને ગૌમુત્રનો ઉપયોગ કરવાથી શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત થાય છે. ગૌમૂત્ર ખનિજોનો ભંડાર ગણાય છે. જીવામૃત એ પાકની વૃદ્ધિ માટે જરૂરી છે. જીવામૃત એ પાકનું જીવનચક્ર પૂર્ણ કરવા માટે આવશ્યક પરિબળ છે. જીવામૃત પાકને નુકસાન કરતા જંતુઓ, બેક્ટેરિયા, વાયરસ અને વગેરે રોગ સામે રક્ષાણત્મક કવચ પૂરું પાડે છે.જૈવિક કૃષિ પદ્ધતિ એટલે કે ઓર્ગેનિક ખેતીમાં અળસિયાનું ખાતર બનાવવામાં આવે છે. આ અળસિયાનું ખાતર બનાવવા અળસિયા વિદેશથી આયાત કરવામાં આવે છે. આ અળસિયા માટી ખાતા નથી. આ પ્રકારના અળસિયા ફક્ત છાણીયું ખાતર અને જૈવિક કચરો જ ખાય છે. તેનો ખર્ચ ખેડૂતોને વધુ આવે છે. જયારે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં આ પ્રકારનું કોઈ નુકસાન થતું નથી. ભારતીય દેશી અળસિયા માટી અને ગોબર બંને ખાય છે. આ અળસિયા જમીનનું ખનીજ ખાઈને પોષણ મેળવે છે. બાદમાં તેની વિષ્ટાના રૂપમાં જમીનને પોષણયુક્ત બનાવે છે. અને જમીનની ફળદ્રુપતા વધે છે. ભારતીય દેશી અળસિયા જમીનને મુલાયમ બનાવે છે.પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી જમીનમાં જે અનાજ અને શાકભાજી ઉગે છે તેનો રોજિંદા જીવનમાં આહારમાં ઉપયોગ કરવાથી સ્વાસ્થ્ય સુધરે છે. રાસાયણિક ખેતીના પરિણામે કેન્સર, સાંધાનો દુખાવો જેવા અનેકવિધ રોગ થાય છે. ધરતીને ઝેર મુક્ત રાખવા માટે પ્રાકૃતિક કૃષિ એક માત્ર વિકલ્પ છે.આ કાર્યક્રમમાં રાજ્યપાલએ પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદિત ખેત પેદાશોના પ્રદર્શન અને વેચાણ સ્ટોલની મુલાકાત લઇ ખેડૂતો સાથે પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ અને ગુણો વિશેની ચર્ચા કરી પ્રાકૃતિક કૃષિ તરફ વળવા આહવાન કર્યું હતું. કાર્યક્રમમાં પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂત ભાઈઓએ પોતાના અભિપ્રાયો વર્ણવી પ્રાકૃતિક કૃષિના ફાયદાઓથી સૌને અવગત કરાવ્યાં હતા.

કાર્યક્રમ સ્થળે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું ગાર્ડ ઓફ ઓનર વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર બી.કે.પંડ્યાએ સ્વાગત પ્રવચન વડે સૌને આવકાર્યા હતા.જયારે જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજે કાર્યક્રમની આભારવિધિ કરી હતી.આ તકે હરીદેવ ગઢવીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મયબેન ગરચર, મેયર વિનોદભાઈ ખીમસુરીયા, જિલ્લા કલેક્ટર બી.કે.પંડ્યા, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર પ્રકાશ રબારી, આગેવાન પ્રફુલભાઈ સેંજલીયા, સખી મંડળના બહેનો, શિક્ષક ગણ, યોગ પ્રશિક્ષકો તથા બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા શહેરમાં ગર્લ્સ હાઇસ્કૂલ ખાતે વિદ્યાર્થીનીઓ માટે મોટીવેશન સેમિનાર





**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલાઃ** રાજુલા શહેરમાં આવેલ ટી.જે બી.એસ ગર્લ્સ હાઇસ્કૂલ ખાતે અમરેલી જીલ્લા પોલીસ તથા સુરક્ષા સેતુ અંતર્ગત હમ હોગે કામયાબ કાર્યક્રમ અંતર્ગત મોટીવેશન સેમિનારનું આયોજન કરવામા આવ્યું હતું. દિપ પ્રાગટય કરી કાર્યક્રમ શરૂ કરવામા આવ્યો. આ કાર્યક્રમમાં પધારેલા મહેમાનોનુ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયું હતું. ખાસ આ કાર્યક્રમ ગર્લ્સ હાઇસ્કૂલની ધોરણ-૧૦ અને ૧૨ ધોરણની વિદ્યાર્થીની બહેનો માટે યોજાયો હતો. જેમા મોટીવેશન સ્પીકર કેવલભાઇ મહેતા દ્વારા બહેનોને બોર્ડની પરીક્ષાની તૈયારીઓ કેવી રીતે કરવી તથા ભયમુક્ત થઇને કઇ રીતે પરીક્ષા આપવી, પરીક્ષા દરમ્યાન બહેનોને ડરવાની જરૂર નથી તેમજ પરીક્ષાની પૂર્વે તૈયારીઓ વગેરે વિષય પર વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ તકે પીઆઇ, પીએસઆઇ ગુલાબસિંહ જાડેજા, આચાર્ય શિમાબેન જોષી, કેવલભાઇ મહેતા(મોટીવેશન સ્પીકર), તેમજ પોલીસ કર્મચારીઓ સહીત શાળા સ્ટાફગણ હાજર રહી સેમિનારને સફળ બનાવવામા આવ્યો હતો....

# રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૫૫૧ કરોડના વિકાસ કામોને લીલીઝંડી

## આજે સ્ટે.ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને રામવન ખાતે મળેલી ઐતિહાસિક બેઠકમાં ૧૧૨ દરખાસ્તોને અપાઈ મંજૂરીઃનાનામવા રોડ પર ૧૧૮ કરોડમાં હરરાજી થયેલા પ્લોટની દરખાસ્ત પેન્ડિંગ રખાઈઃશહેરમાં કટારીયા ચોકડીએ ફલાયઓવર બ્રીજ તેમજ અન્ય બ્રીજ બનાવવા માટે સરકાર પાસે રૂ.૨૮૫ કરોડ માંગવામાં આવશે








(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

આજે રામવન ખાતે રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી. આ જમ્બો બેઠકમાં રૂ.૫૫૦.૯૯ કરોડના નવા વિકાસકામોને મંજૂરી અપાઈ હતી. ઉલ્લેખનીયછેકે રાજકોટ મનપાની સ્થાપના બાદ પહેલીવાર મનપાના સેન્ટ્રલ ઝોનના બિલ્ડીંગને બદલે બહાર રામવન ખાતે ઐતિહાસિક બેઠક મળી હતી.

સ્ટે.ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને મળેલી આ બેઠકમાં અધધધ ૧૧૩ દરખાસ્તો મ્યુ.કમિશનર દવારા મૂકાય હતી. જેમાંથી એક જ દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી હતી. નાનામવા રોડ પર ૨૦૨૧માં ચાર પ્લોટ પૈકી એક પ્લોટ હરરાજીમાં ૧૧૮ કરોડમાં વેંચાયો હતો. પરંતુ કોર્ટમાં લિટિગેશનના પગલે વેંચેલા પ્લોટની દરખાસ્ત પેન્ડિંગ રખાઈ છે. આ સંદર્ભે લેનાર પાર્ટીને મનપા દવારા આખરી નોટીસ જાન્યુઆરીમાં આપવામાં આવી હતી. પરંતુ પાર્ટી દવારા આ પ્લોટની મેટર કોર્ટમાં ચાલી રહી હોય પેમેન્ટ ભરવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. સ્ટેન્ડિંગ કમિટી દવારા હવે સાત દિવસનો સમય અપાયો છે. હવે મળનારી બેઠકમાં આ બાબતે નિર્ણય લેવાશે જો બિલ્ડર રકમ નહિં ભરે તો રૂ.૧૮ કરોડની ડિપોજીટ જપ્ત કરવામાં આવશે.

આજે મળેલી બેઠકમાં કમિશનર દવારા જાહેરમાં કચરો ફેંકવામાં, ડસ્ટબીન જુદા-જુદા સ્થળોએ મૂકવામાં, હોસ્પિટલો દવારા ફેંકવામાં આવતા જેવીક કચરા અંગેના દંડની રકમમાં ઘટાડો કરાયો છે. વધુમાં શહેરમાં પ્રદ્યયુમન પાર્કથી રંદિરડા લેઈક પર ૧૮૦ કરોડના ખર્ચે આઈકોનિક બ્રીજ બનશે તેમજ શહેરના અન્ય વિસ્તારોમાં પાંચ બ્રીજ બનાવવા માટે સરકાર પાસે રૂ.૨૮૫ કરોડ મનપા દવારા માંગવામાં આવશે. આજે મળેલી બેઠકમાં અન્ય વિકાસકામોને પણ બહાલી આપવામાં આવી હતી. જ્યારે જુના વાહનોના વેંચાણમાંથી મનપાને ૩૦.૬૪ લાખની આવક થાશે. આજે મળેલી બેઠકમાં નાયબ મ્યુ.કમિશનર સ્વપ્નીલ ખેર તેમજ અધિકારીઓ તથા સ્ટેન્ડિંગ કમિટીના સદસ્યો અને નગરસેવકો ઉપસ્થિત રહ્યાં હતા.

# રાજકોટ આરટીઓમાં ફોર વ્હીલની NK અને ટુ વ્હીલની NJ સિરીઝનું રિ-ઓકશન




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ RTOમાં નવી ખુલેલી સિરીઝમાં પૈસા લગાવ્યા બાદ તે રકમ ન ભરતા અમુક ગોલ્ડન નંબર માટે ફરી બોલી લગાવવામાં આવી હતી. જેમાં કારની સિરીઝમાં નંબર-૯ માટે અગાઉ કરોડોની બોલી લગાવનાર કાર માલીકે રિ-ઓકશનમાં ફરી રૂ.૪૧,૦૦૦ની બોલી લગાવી છે. જ્યારે ટુ-વ્હીલમાં ૧૧૧૧ માટે હાઈએસ્ટ રૂ.૮૭,૦૦૦ની બોલી લાગી છે.

ફેબ્રુઆરીની શરૂઆતમાં RTO દ્વારા ફોર વ્હીલ માટે નવી જાહેર થયેલી NK સિરીઝના ગોલ્ડન નંબર માટે ઓનલાઈન ઓકશન થયુ હતું. જેમાં સૌથી વધુ ૯ નંબર માટે ફોર્ચ્યુનરના માલિક કાથીરી ખલિદબિન મેસાનભાઈએ રૂ. ૧,૦૧,૨૪,૦૦૦ની બોલી લગાવી હતી. પરંતુ કાર માલિકે નિર્ધારીત કરેલા સમયગાળામાં રકમ ન ભરતા છઝઘએ તેની રૂ.૪૦,૦૦૦ની ડિપોઝીટ જપ્ત કરી રિ-ઓકશન કર્યુ હતું. પરંતુ તેમાં પણ તે જ કાર માલિક દ્વારા ફરીથી સૌથી વધુ રૂ.૪૧,૦૦૦ની બોલી લગાવવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે.તે ઉપરાંત ટુ-વ્હીલમાં પણ તેવી જ રીતે NJ સિરીઝ માટે અગાઉ રકમ ન ભરેલા ગોલ્ડન નંબર માટે ફરીથી ઓકશન કરવામાં આવ્યુ હતું. જેમાં એક ટુ-વ્હીલના માલિકે પોતાના મનપસંદ નંબર-૧૧૧૧ માટે સૌથી વધુ રૂ.૮૭,૦૦૦ની ઓનલાઈન બોલી લગાવી છે.

# જસદણમાં લુહાર જ્ઞાતિ દ્વારા કાલે વિશ્વકર્મા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે







**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળીયા**

**જસદણઃ** જસદણ સમગ્ર લુહાર સમાજ દ્વારા ભગવાન શ્રી વિશ્વકર્મા ના મંદિર નું નિર્માણ કરીને માં સુદ તેરસને તારીખ ૨૨ ૨ ૨૦૨૪ ગુરુવારે ભગવાન શ્રી વિશ્વકર્માની મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા અને લુહાર જ્ઞાતિ દ્વારા સમૂહ પ્રસાદ નું આયોજન કરેલ છે આજના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી પણ વિશ્વકર્મા માં ખૂબ જ વિશ્વાસ રાખે છે અને ભારત દેશમાં ટેકનોલોજી અને સમગ્ર સમાજ દેશના વિકાસમાં પ્રભુ શ્રી વિશ્વકર્મા ની કૃપાથી જ થાય છે વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી પ્રથમ વડાપ્રધાન બન્યા ત્યારે ૧૭ મા દિવસે મા નર્મદા બંધની ઉંચાઈ ની મંજૂરી આપીને તે કામનું ખાતમુરત માં વડાપ્રધાને વાસ્તુશાસ્ત્રના નિયમ મુજબ પ્રથમ વિશ્વકર્માની પૂજા કરીને પછી નર્મદા બંધ ડેમની ઊંચાઈનું કામ ચાલુ કરેલ અને બીજી ટર્મમાં વડાપ્રધાન થયા પછી સમગ્ર દેશમાં વિશ્વકર્મા સમાજના નાના ગરીબ માણસોને રોજી રોટી ના સહાય રૂપમાં વિશ્વકર્મા આયોગ લાગુ કરે કરીને સમગ્ર વિશ્વકર્મા સમાજના વિકાસ માટે ગરીબી રેખા માંથી બહાર કાઢવા આયોગની રચના કરી આવા વિશ્વકર્મા પ્રભુ સમગ્ર પૃથ્વીના એક ભગવાન કહેવાય છે તે વિશ્વકર્મા ભગવાનનું આજે જસદણમાં મંદિર બની ગયેલ હોય સંપૂર્ણ વિધિ પછી તારીખ ૨૨ ૨ ૨૦૨૪ વિશ્વકર્મા મંદિરમાં ભગવાન વિશ્વકર્મા દાદા બિરાજમાન થશે અને સમગ્ર વિશ્વકર્મા સમાજના દાદા ના દર્શને આવશે આજે સવારે ભગવાન શ્રી વિશ્વકર્મા ની સવારે જસદણ ગાયત્રી મંદિરેથી શોભા યાત્રા નીકળેલ છે આજે ભગવાન શ્રી વિશ્વકર્મા મંદિરમાં બિરાજમાન થશે આ શોભાયાત્રામાં પૂર્વ પ્રમુખ નગરપાલિકાજસદણ જેપી રાઠોડ સાહેબ તેમજ તેમજ તેમના દીકરા શ્રી વિજયભાઈ રાઠોડ જેવો જસદણ શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી અને જીઆઇડીસી એસોસિએશનના પ્રમુખશ્રી છે તેઓ પણ આ શોભાયાત્રામાં જોડાયા હતા તેમજ આજુબાજુ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ લુહાર જ્ઞાતિ સમાજના આગેવાનો ભાઈઓ બહેનો આ પ્રાણ પ્રતિષ્ઠામાં હાજર રહ્યા હતા અને બપોરના પ્રસાદ પણ તમામ લોકોએ સાથે બેસીને લીધેલ હતો.

# ભાવનગર રોડ પર રંગુનમાતાના મંદિરના મહંત પર પાંચ શખ્સોનો હુમલો

## જગ્યા મુકીને જતો રહેજે નહિતર જીવતો નહિ રહે કહી ધમકી આપતા આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ભાવનગર રોડ પર આવેલા રંગુન માતાના મંદિરે સેવાપુજા કરતા મહંત અને જગ્યાના ટ્રસ્ટીને આ જગ્યા મુકીને જતો રહેજે નહીતર જીવતો નહી રહે કહી શખસોએ ઢીકાપાટુનો માર મારી નાસી જતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા હતા જેની ફરીયાદના આધારે આજીડેમ પોલીસે ચાર શખસો સામે ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા મથામણ કરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મવડી રોડ પર એમ.પી. પાર્કમાં રહેતા એડવોકેટ હરિસિંહ મનુભા વાઘેલાએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે માંડા ડુગર પાસે રહેતો લાખા નરશીભાઈ મોરવાડીયા, નવાગામે રહેતો ખોડા ભાણાભાઈ ભુવા,અણીયારી ગામે રહેતો શિવા નાથાભાઈ મોરવાડીયા અને રાજુ અજાણીના નામો આપ્યા હતા ફરીયાદમાં જણાવ્યુ હતુ કે હું મંદિરે દર્શન કરવા ગયો હતો ત્યારે મંદિરના મહંત અને જગ્યાના મહંત રમણીકગીરી એ વાત કરી હતી જેમા તા. ૫-૧ના રોજ મંદિરે હતા ત્યારે મોરવાડીયા પરીવારના લોકો સાથે આવેલા ચારેય આરોપીઓએ ધસી આવી રંગુનમાતા અમારા કુળના છે. જેથી આ મંદિર અમારૂ છે. તમે અહીથી જતા રહો આ મંદિરનો વહીવટ અમારે સભાળવાનો છે જેથી હુ પાંચ વર્ષનો હતો ત્યાર થી અહી રહુ છુ અને કયાય જવાનો નથી તેમ મહંતે કહેતા ચારેય શખસોએ અડધી કલાક સુધી ઢીકાપાટુનો બેફામ માર મારી નાસી ગયાનુ જણાવતા તેને અગાઉ લેખીતમાં ફરીયાદ કરી હોય એએસઆઈ જાડેજા સહીતે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

# હલેન્ડા ગામની પરિણીતાને દારૂડિયો પતિ ત્રાસ આપી મારકુટ કરતો હોવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના હલેન્ડાગામે માવતરના ઘેર અને મુળ આણંદની પરણીતાને દારૂડીયો પતિ અવાર- નવાર મારકુટ કરી ત્રાસ આપતો હોવાની ફરીયાદ કરતા મહિલા પોલીસે પતિ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ઉષાબેન ત્રિલોકભાઈ જોષી (ઉ.૩૫) એ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે તેનો પતિ આણંદના વિધાનગર ખાતે રહેતો ત્રિલોક જગજીવનભાઈ જોષીનુ નામ આપ્યુ હતુ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેના બાર વર્ષ પહેલા લગ્ન થયા હતા અને સંતાનમાં બે બાળકો હોવાનુ જણાવ્યુ હતુ. લગ્ન બાદ સયુકત કુટુંબમાં રહેતા હોય અને લગ્નના બીજા જ દિવસે સાડી પહેરતા આવતુ ન હોય સાડી પહેરતા વાર લાગતા પતિએ બેફામ માર કુટ કરી હતી અને દારૂ ઘરમાં રાખતો અને કંઈ કામ કરતો ન હોય ઘર ખર્ચના પૈસા માંગતા ઝગડો કરી મારમારતો હોય જેથી વાત કરતા મારા માતા પિતા દર મહિને પૈસા મોકતા હતા તેમજ પતિ કહેતો કે બાળકોને સ્કુલે મુકવા અને લેવા તારે જવાનુ અને તારે જ તેને ભણાવવાના અને તારે મને કહી કહી કહેવાનુ નહી. તા.૧૮ જાન્યુ.એ તેની પુત્રીને સ્કુલેથી મુકીને આવી ગેસનો બાટલો લેવાનુ કહેતા પતિએ ઝગડો કરી બાટલા વડે હુમલો કરતા તે ઘરમાંથી બહાર આવી બાજુની સ્કુલમાં છુપાઈ ગઈ હતી અને ત્યાથી નાસી જઈ તેના માવતરે પહોચી જતા પતિએ પત્નિ ઘરેથી ભાગી ગયાની પોલીસમાં ફરીયાદ કરી હોવાનો ફોન આવતા તેને ભાઈ સાથે આવી ફરીયાદ કર્યાનુ જણાવતા મહિલા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# ગાંધીગ્રામમાં મારામારી અને હત્યાના બનાવમાં બે મહિલા સહિત પાંચના આગોતરા જામીન રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીગ્રામમા પૈસાની લેતીદેતી મુદ્દે થયેલા હત્યા કેસમાં સામે- સામે ફરિયાદ નોંધાઈ હતી.જેમાં મારામારીના ગુનામાં બે મહિલા સહિત પાંચ શખ્સોએ મૂકેલા આગોતરા જામીન અરજી કોર્ટએ રદ કરી હતી. ગત તા.૮-૧-૨૪ના રોજ લાખના બંગલા પાસે ખોડીયાર પાનની દુકાન પાસે રૂ ૨૦, ૦૦૦ ની લેતી દેતી બાબતે મારામારીના બનાવ બનેલ અને તે બનાવમાં એક વ્યક્તિનું મૃત્યુ નીપજેલ અને તે બનાવમાં બંને પક્ષો દ્વારા સામસામે ફરિયાદ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલ જેમાં છરીથી હુમલો કરવામાં અને ઢીકા પાટુનો માર મારવામાં આવેલ હોવાની ફરિયાદ અને સામા પક્ષે હત્યાના ગુનાની ફરિયાદ નોંધાવવામાં આવેલ બંને ગુના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાતા છરીથી ઈજા પહોંચાડવા અને ઢીકા પાટુ નો માર મારવાના ગુનામાં આરોપી તેજસભાઈ બળવંતભાઈ ઠાકર, મિહિરભાઈ તેજસભાઈ ઠાકર, સુનીતાબેન તેજસભાઈ ઠાકર, મેહુલભાઈ અનિલભાઈ પુજારા, દેવિકાબેન કિશનભાઈ ગોહેલ નાઓએ સેશન્સ કોર્ટમાં ધરપકડથી બચવા માટે આગોતરા જામીન અરજી દાખલ કરેલ જેમાં સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને રજૂઆત કરેલ કે આરોપીઓ સામે પ્રાઈમમાં ફેસી કેસ છે કારણ કે આરોપીઓ સામે સામસામે ફરિયાદ નોંધાયેલ છે અને ફરિયાદમાં આરોપીઓના નામ છે આરોપીઓએ કાયદો હાથમાં લઈ ગુનો કરેલ હોય આવા ગુનાના આરોપીઓને આગોતરા જામીન આપવા જોઈએ નહીં તે રજૂઆત ને ધ્યાને લઈ જજ જે ડી સુથારએ આરોપીઓની આગોતરા જામીન અરજી રદ કરેલ છે આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# કોઠારિયા રોડ પર સાંનિધ્ય સોસાયટીમાં ટ્રેકટરની ઠોકરે બાળકનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

કોઠારિયા રોડ પર સાંનિધ્ય સોસાયટીમાં નવા બંધાતા બિલ્ડિંગની સાઈડ પર કામ કરતો અર્જુન રમેશભાઈ ભૂરીયા નામના યુવાને ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, તેના માસીનો દિકરો ગોલુ કૈલાશભાઈ મેડા (ઉ.વ.૧૫)નામનો બાળક નવી બંધાતી સાઈડ પર ઉભો હતો ત્યારે ટ્રેકટરના ચાલક પુનાભાઈએ બફલત કરી રીતે ટ્રકટર ચલાવી બાળકને હડફેટે લઈ તેને ગંભીર ઈજા પહોંચાડી નાસી ગયો હતો. બનાવ બાદ બાળકને સારવારમાં ખસેડવામાં આવતા તેનું ટુંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવના પગલે એએસઆઈ એચ.વી.માણવારીયા ટ્રેકટર ચાલક સામે ગુનો નોંધી પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# અમરેલીની બેન્કમાં ખોટા દસ્તાવેજોના આધારે રૂા.૬૭.૫૦ લાખની લોન લઈ કરી ઠગાઈ

## પ્રયોષા કંપનીના સંચાલકો વિરૂધ્ધ નોંધાઈ ફરિયાદ

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલીમાં પ્રયોગા કંપનીના જવાબદાર વ્યક્તિઓએ સરકારી યોજનાનો લાભ લેવા માટે બેંકમાંથી ખોટા દસ્તાવેજના આધારે રૂ.૬૭.૫૦ લાખની લોન લઈ તે રકમ વ્યવસાય માટે ન વાપરતા બેંકના મેનેજર દ્વારા આરોપીઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

અમરેલી યુનીયન બેંક ઓફ ઈન્ડીયાના મેનેજર પ્રતિકભાઈ રાકેશચન્દ્ર શર્માએ પ્રયોશા કંપનીના પ્રોપોરાઈટર જયશ્રીબેન વિરલભાઈ વિઠ્ઠલભાઈ શિયાણી, તેમના કંપનીની લેતીદેતી સંભાળનાર/જામીનદાર વિરલભાઈ વિઠ્ઠલભાઈ શિયાણી રહે. બન્ને અમરેલી, કેરીયા રોડો બંસીધર સો.સા.અ બ્લોક નં.-૭(એ) તથા જામીનદારો રાજનભાઈ વિઠ્ઠલભાઈ શિયાણી રહે. વાંડળીયા તા. બાબરા જી.અમરેલી, પિયુષભાઈ ગોરધનભાઈ શિયાણી રહે, અમરેલી, શિયાણી નિવાસ, રોકડ વાડી, કેરીયારોડ તા.જી. અમરેલી સામે પોલીસ મથકમાં નોંધવેલી ફરિયાદ મુજબ કાવતરૂ ઘડી પી.એમ.ઈ.જી.પી યોજના-૨ ની ધંધા માટેની વ્યાવસાયિક લોન મેળવવા માટે યુનીયન બેંક ઓફ ઈન્ડીયામા રજુ કરવા સારૂ ખોટા દસ્તાવેજો બનાવડાવી બેન્કને આરોપીઓએ દસ્તાવેજો ખોટા હોવાનુ પોતે જાણતા હોવા છતા તે ખોટા દસ્તાવેજો ખરા તરીકે બેંકમા રજુ કરી બેંક સાથે ઠગાઈ કરવાના ઈરાદે વિશ્વાસઘાત કરી પ્રોમેસરી નોટ આપી પોતે બેંકનુ હિત જાળવવા બંધાયેલ હોવા છતા પોતાના આર્થીકફાયદા માટે આરોપીઓએ રૂ.૬૭.૫૦ લાખની લોનને તેમને વ્યવસાયિક હેતુ માટે આપેલ તે હેતુ માટે ઉપયોગમા નહી લઇ આરોપીઓએ વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાઈ છે. આ કેસમાં પોલીસે આરોપી વિરલની ધરપકડ કરી છેજ્યારે અન્ય આરોપીઓનો તપાસ ચાલી રહી છે.

# ૧૪ વર્ષની સગીરાને અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં સુત્રધાર અને મદદગારી કરનારને આજીવન કેદની સજા

## પીડીત સગીરાને ૩ લાખ વળતર ચુકવવા કોર્ટે કર્યો હુકમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બે વર્ષ પૂર્વે ૧૪ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી ધ્રોલ, વાંકાનેર સહિતના સ્થળોએ લઈ જઈ ૧૫ દિવસ સુધી દુષ્કર્મ આચરવાના ગુનામાં મુખ્ય સુત્રધાર તેમજ મદદ કરનાર બંને આરોપીઓને આજીવન કેદની સજા અને પીડિતાને ૩ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગતો એવી છે કે રાજકોટમાં રહેતા ગોવિંદ વલ્લભભાઈ છીપરિયા નામના શખસે બે વર્ષ પૂર્વે ૧૪ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી ધ્રોલ રહેતા તેના ફૂવા અશોકભાઈના ઘરે લઈ ગયો હતો ત્યારે તેણે ગોવિંદને રૂમની વ્યવસ્થા કરી આપતા સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું તે પછી ગોવિંદ તેના અન્ય ફૂવા અનિલભાઈ અને બનેવી સુરેશભાઈના ઘરે પણ સગીરાને લઈ ગયો હતો ત્યાંથી સગીરાને વાંકાનેર લઈ ગયો હતો સતત ૧૫ દિવસ સુધી અલગ અલગ સ્થળોએ લઈ જઈ તેણી સાથે દુષ્કર્મ કર્યું હતું આ અંગે પરિવારે શોધખોળના અંતે યુનીવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી સગીરાને મુક્ત કરાવી તેની કબુલાત આધારે દુષ્કર્મ સહિતની કલમનો ઉમેરો કરી ચાર્જશીટ ફાઈલ કરી હતી.

આ કેસ ચાલવા ઉપર આવતા મદદનીશ સરકારી વકીલએ ૧૫થી વધુ દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હતા તેમજ ૧૪ જેટલા સાહેદોની જુબાની લેવાઈ હતી આ ઉપરાંત ભોગ બનનારના ઉંમરનું પ્રમાણપત્ર, મેડીકલ સર્ટી, ફરિયાદી, મેડીકલ ઓફિસરની જુબાની વગેરેને ધ્યાને લઈ એડીશનલ સેસન્સ જજ બી બી જાદવએ મુખ્ય આરોપી ગોવિંદ છીપરીયા અને મદદ કરનાર ફૂવા અશોક કાળુભાઈને આજીવન કેદની સજા અને પીડિતાને ૩લાખ વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

# ગ્રીનલેન્ડ ચોકડી પાસે પ્રેમ લગ્ન કરનાર યુવાન પર સાસુ-સસરા સહિતના શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દૂધ સાગર રોડ ઉપર આવેલા હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતા યુવાને પ્રેમ લગ્ન કર્યા બાદ પત્ની છેલ્લા દસ મહિનાથી રિસામણે ચાલી જતા બંને પરિવાર વચ્ચે વેર ઝેરના બીજ રોપાયા હતા જેનો ખાર રાખીને ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી રીક્ષા લઈને પસાર થઈ રહેલા જમાઈને આંતરિક સાસુ સસરા સહિતના સાસરીયાએ ધોકા વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.


આ બનાવ અને પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર દૂધસાગર રોડ ઉપર આવેલા હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતા સાહિલ સલીમભાઈ શેખ નામનો ૨૬ વર્ષનો યુવાન રાત્રિના સાડા આઠેક વાગ્યાના અરસામાં ગ્રીનલેન્ડ ચોકડી નજીક નવાગામ પોલીસ ચોકી પાસે હતો ત્યારે તેના સસરા ફિરોજભાઈ, સાસુ રૂકસાનાબેન અને મામાજી સસરા સિકંદર સહિતના શખ્સોએ ઝઘડો કરી ધોકા વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં સાહિલ શેખના ભાઈએ જણાવ્યું હતું કે સાહિલ શેખે હુમલાખોર ફિરોજભાઈની પુત્રી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા અને દંપતિ વચ્ચે અણ બનાવ બનતા સાહિલ શેખની પત્ની છેલ્લા દસ મહિનાથી રિસામણે ચાલી ગઈ હતી અને રિસામણે ગયેલી પત્નીએ સાસરીયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી ત્યારથી બંને પરિવાર વચ્ચે દુશ્મનાવટ ઉભી થઇ હતી. જેનો ખાર રાખી સાસુ સસરા સહિતના શખ્સોએ જમાઈ સાહિલ શેખ ઉપર હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આક્ષેપના પગલે બી ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આંબેડકરનગરમાં યુવતીની છેડતી મામલે બે યુવાન પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ૮૦ ફુટ રોડ ઉપર આવેલા આંબેડકરનગરમાં લગ્ન પ્રસંગે દીકરી જમાઈ આવ્યા હતા ત્યારે પુત્રીની છેડતી કરી હોવાના આરોપ સાથે પિતા પુત્રએ તે મારી દીકરીની છેડતી કેમ કરી હતી તેમ કહી બે યુવાન ઉપર હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા બંને યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.





આ બનાવ અંગે વિગત મુજબ ૮૦ ફુટ રોડ ઉપર આવેલા આંબેડકરનગરમાં રહેતા સુરેશ હમીરભાઈ જાદવ (ઉ.વ.૪૧) અને ગણપત સુખાભાઈ જાદવ (ઉ.વ.૩૮) નામના બંને યુવાનો સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે હતા ત્યારે પ્રવીણ અને તેના પુત્ર ગૌરવ સહિતના શખ્સોએ ઝઘડો કરી પાઈપ વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા બંને યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસિપટલમાં ખસેડવામાં આવ્યા હતા આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતા થોરાળા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં હુમલાખોર પ્રવીણની પાડોશમાં પરમ દિવસે લગ્ન હતા ત્યારે તેના દીકરી જમાઈ લગ્નમાં આવ્યા હતા ત્યારે સુરેશ નામના શખ્સે લગ્નમાં આવેલી પુત્રીની છેડતી કરી હોવાના આક્ષેપ સાથે પ્રવીણભાઈએ સુરેશને તે મારી દીકરીની છેડતી કેમ કરી હતી? તેમ કહી હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાછળ યુવાનને ઢોર માર મારતો વિડિયો વાયરલ

## ઓમ હાઉસીંગ સોસાયટીના બાવાજી યુવાનને આંખ પર ગંભીર ઈજાઃ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં છેલ્લા ઘણા સમયથી જાહેરમાં મારામારી કરતાં વિડિયો વાયરલ થઈ રહ્યાં છે અને પોલીસનો ડર જાણે ઓસરી ગયો હોયતેમ જાહેરમાં મારામારીના બનાવો વધતાં જાય છે ત્યારે રાજકોટ શહેરમાં મારામારીનો વધુ એક વિડિયો વાયરલ થયો છે. જેમાં શહેરના કાલાવડ રોડ પર આવેલ ઇસ્કોન મંદીરની પાછળ ઓમ હાઉસીંગ સોસાયટીમાં રહેતા ધો.૧૨ના છાત્રને તેમના પાડોશી શખ્સે માથાકુટ કરી વાળ ખેંચી માથુ જમીન સાથે ભટકાડ્યુ હતું. જેથી યુવકને આંખમાં ઇજા થતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે યુનિવર્સિટી પોલીસના સ્ટાફે યુવકની ફરિયાદ પરથી આરોપી સામે ગુનો નોંધવા તજવીજ શરૂ કરી છે.

આ અંગેની વિગત મુજબ ઓમ હાઉસીંગ સોસાયટીમાં રહેતા હર્ષ દીલીપભાઈ ગોસ્વામી (બાવાજી) (ઉ.વ.૧૮) નામનો યૂવક તા.૧૮નારોજ સાંજે તેમના મિત્રો સાથે ઘર નજીક બગીચામાં બેઠો હતો. ત્યારે ત્યાં શેફ મેમણ ત્યાં ધસી આવ્યો હતો અને તેમને ઢીકાપાટાનો માર મારવા લાગ્યો હતો. અને આરોપી કહેતો હતો કે, અહીંયા અમે કહીએ તેમજ કરવાનું રહેશે કહીં હર્ષના વાળ ખેંચી માથુ જમીન પર અથડાવી ગડદા પાટુનો માર મારવા લાગ્યો હતો. ત્યારબાદ ધમકી આપી ત્યાંથી જતો રહ્યો હતો. હર્ષને આંખમાં ઇજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડાયો હતો. હર્ષ પરિશ્રમ સ્કૂલમાં ધો.૧૨નો અભ્યાસ કરે છે. તેમના પિતા નોકરી કરે છે. અને આરોપીઓ અવારનવાર સોસાયટીમાં આવી માથાકુટ કરતા હોવાનો પણ આક્ષેપ કરાયો છે. આ ઘટનાના સીસીટીવી ફુટેજ પણ સોશિયલ મિડીયામાં વાયરલ થયાં હતા. આ ઘટનાને પગલે લત્તાવાસીઓમાં રોષ ફેલાયો છે અને ઈજાગ્રસ્ત થયેલા હર્ષ ગૌસ્વામીના પિતાએ આક્ષેપો કર્યા હતાં કે આરોપીઓ મોટા ગુનેગાર છે. તેમનો પુત્ર હર્ષ બે દિવસ પહેલા મિત્રો સાથે ઘર નજીક બેઠો હતો ત્યારે સૈફ મેમણ તેમના મિત્રો સાથે ધસી આવ્યો હતો અને તેણે પુત્ર હર્ષની સાથે બોલાચાલી અને મજાક મસ્તી કરવા લાગ્યો હતો. ત્યારે હર્ષે તેમને મસ્તી કરવાની ના પાડતાં ઉશ્કેરાયેલા સૈફે હર્ષને બેફામ માર માર્યો હતો. જેને તેની આંખ પાસે ઈજા પહોંચી હતી. તેમને હોસ્પિટલે લઈ જવામાં આવતાં હોસ્પિટલ સ્ટાફના લોકોએ પણ તેમને દાખલ કર્યો નહોતો અને માત્ર દવા આપી જવા દીધા હતાં. આરોપીડ્રગ્સ પેડલર હોવાનો પણ વિસ્તારનાં લોકોએ આક્ષેપ કર્યો હતો.





# ગોંડલમાં બાઈક પર વૃક્ષ પડતા પુત્રની નજર સામે માતાનું કરૂણ મોત

## પુત્રનાં લગ્નની કંકોત્રી આપી ગોંડલ જતા સમયે દુર્ઘટના સર્જાઇઃ પરીવારમાં માતમ છવાયો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

જશદણ નાં વેરાવળ સાણથલી ગામે ડાભી પરીવાર માં પુત્ર નાં લગ્ન નાં મંગળીયા ગવાતા હતા.ત્યાં લગ્ન ની કંકોત્રી આપવા ગયેલી પરીવાર ની મોભી સમી માતાનું અકસ્માત માં મૃત્યુ થતા માતમ સર્જાયો હતો.

આ અંગેની માહિતી મુજબ વેરાવળ સાણથલી રહેતા હંસરાજભાઈ ડાભી નાં ત્રણ પુત્ર પૈકી વચેટ પુત્ર ભાવેશ નાં લગ્ન આગામી તા.૨ નાં રોજ નિર્ધાર્યા હોય તેમના પત્નિ વિજ્યાબેન ઉ.૫૫, પુત્ર જયસુખભાઈ તથા જયસુખભાઈ ની આઠ વર્ષ ની દીકરી જેન્સી લગ્નની કંકોત્રી આપવા બાઈક પર વાછરા ગયા હતા.સબંધીને કંકોત્રી આપી ખરીદી કરવી હોય વાછરા થી ગોંડલ આવી રહ્યા હતા.આ




સમયે ગોંડલ નજીક રોડ પર અચાનક તોતિંગ વૃક્ષ બાઈક પર પડતા વિજયાબેન ને ગંભીર ઈજાઓ થતા તેનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.જ્યારે જયસુખભાઈ ને ઇજા પંહોચતા ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. અકસ્માત માં જેન્સી નો આબાદ બચાવ થવા પામ્યો હતો.બનાવ ની જાણ થતા ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ ઉપરાંત ગોંડલ નગરપાલિકાની એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અને રાહદારીઓ ની મદદથી વૃક્ષ ને હટાવી વિજયાબેન નાં મૃતદેહ ને બહાર કાઢ્યો હતો. બનાવ ને પગલે પરીવાર હતપ્રત બનવા પામ્યુ હતુ. બનાવ અગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

# મેટોડામાં અજાણ્યા વાહનની ઠોકરે કોલેજીયન યુવતીનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના છેવાડે આવેલા મેટોડા અકસ્માતનું હોટ સ્પોટ બની જવા પામ્યું છે. હિટ એન્ડ રનમાં ૧૯ વર્ષીય ક્રિષ્ના ભારથીને અજાણ્યા વાહને અડફેટે લેતાં મોત નિપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ મેટોડા નજીક બની રહેલા અકસ્માતોના બનાવમાં મેટોડામાં બાલાજી પાર્કમાં માસીના ઘરે રહેતી ક્રિષ્ના ભરતભાઈ ભારથી (ઉ.વ.૧૯)નામની યુવતી ઘરેથી પગપાળા નીકળી મેટોડા જીઆઈડીસી ગેઈટ ૧ પાસે પહોંચતા પુરપાટ ઝડપે નીકળેલા અજાણ્યા વાહને યુવતીને અડફટે લેતાં



માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાગ્રસ્ત થવા પામી હતા.યુવતીને તાકીદે સારવાર અર્થે મેડિકેર હોસ્પિટલ બાદ સ્ટર્લિંગ હોસ્પિટલમાં સારવારમાં લઈ જતા ટૂંકી સારવારમાં દમ તોડયો હતો. મૃતક ક્રિષ્ના ધારીની કોલેજમાં બી.કોમ ના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી અને ફોરેસ્ટ ગાર્ડની પરીક્ષા માટેના સુપરવીઝનમાં મેટોડા જીઆઇડીસી નજીક વિરલ સોપિંગ સેન્ટર પાસે એકઝામીનેશન સેન્ટરમાં જતી હતી ત્યારે આ કરુણ બનાવ બન્યો હતો. અકસ્માત સર્જી નાશી જનાર અજાણ્યા વાહન ચાલકની મેટોડા પોલીસે શોધખોળ હાથ ધરી છે. પુત્રીના મોતથી પરિવારમાં આક્રંદ સર્જાયો હતો.

# વિંછિયાના મોટીલાખાવડ ગામે જુગાર રમતા નવ શખ્સોની ધરપકડ, એક ફરાર

**મુખ્ય સમાચાર રાજકોટ**

વિંછિયા તાલુકાના મોટીલાખાવડ ગામની સીમમાં ખરાબોની જમીન પર કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની હકીક્ત મળતા વિંછિયા પોલીસના હેડ કોન્.પ્રકાશભાઈ ડાંગર, મુકેશભાઈ બાવળીયા સહિતના સ્ટાફે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા તીનપત્તીનો જુગાર રમતો ભરત મેરામ વાલાણી, નિલેશ દેવજી જાદવ, હરેશ કારુ વાલાણી, માણસુર ઉકા જાદવ, સૈલેશ લાખા વાલાણી, કલા કાના જાદવ, ભુરા સાદુલ સાબડ, વિનુ ભીખા પરમાર, જયરાજ મેરામ રાઠોડ, સહિત નવ શખ્સોની પોલીસે ધરપકડ કરી રોકડ અને બાઈક સહિત કુલ રૂ.૨૫૧૦૦નો મુદામાલ કબ્જે કરી નાસી ગયેલો પ્રવિણ સોમા વાલાણીની શોધખોળ આદરી છે.

# માતાજીના મઢે દર્શન કરી પરત આવતા કાકા-ભત્રીજાને અકસ્માત નડયોઃ એકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હિરાસર એરપોર્ટ પાસે કારનું ટાયર ફાટતાં બાઈક સવાર કાકા-ભત્રીજાને અડફટે લીતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં બંને ને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થ ખસેડવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમિયાન મહેશભાઈ રંગપરાનું મોત નિપજ્યું હતું.



આ અંગેની માહિતી મુજબ શ્રમજીવી સોસાયટી શેરી નં.૩ માં રહેતાં મહેશભાઈ પ્રવીણભાઈ રંગપરા (ઉ.વ.૪૦) અને તેમના કાકા અરજણભાઈ રણછોડભાઈ રંગપરા (ઉ.વ.૫૦) બે દિવસ અગાઉ બાઈકમાં થાન નજીક કાસીયા ગામે આવેલ માતાજીના મઢે દર્શન કરવાં માટે ગયાં હતાં. જ્યાંથી પરત ફરતી વેળાએ હિરાસર એરપોર્ટ પાસે સામેથી આવતી કારનું ટાયર ફાટતાં બાઈક સાથે અથડાઈ હતી. જેમાં બાઈક સવાર બંનેને ગંભીર ઈજાઓ પોંહચી હતી. ૧૦૮ દ્વારા સારવારમાં હોસ્પિટલએ ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં મહેશભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૃતક કલરકામ કરતો હતો અને તેને સંતાનમાં બે બાળકો છે.બનાવ અંગે એરપોર્ટ પોલીસ મથકના સ્ટાફે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલના ત્રીજા માળેથી યુવતીએ લગાવી મોતની છલાંગ

## કોડીનારની યુવતીએ સારવાર માટે આવ્યા બાદ અંતિમ પગલું ભરી લીધુઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે આવેલી યુવતીએ હોસ્પિટલના ત્રીજા માંળેથી ઝંપલાવી આપઘાત કરી લેતા હોસ્પિટલ વર્તુળ તેમજ લાગતા વળગતાઓમાં અને અરેરાટી વ્યાપી જવા પામી હતી આ સમાચારના પગલે શહેર ભરમાં ચકચાર વ્યાપી જવા પામ્યો હતો ઘટનાના પગલે હોસ્પિટલ સ્ટાફ તાત્કાલિક બનાવનાર સ્થળે પહોંચી ઈમરજન્સી વિભાગમાં લઇ સારવાર આપી હતી પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલા સારવાર દરમિયાન યુવતીનું મોત નીપજ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે બપોર પછીના સુમારે કોડીનારના દેવલપુર ગામ થી સારવાર માટે આવેલ વર્ષાબેન માલાભાઈ



ભેડા ઉ.વ.૨૩. વાળી યુવતી તેના પરિવાર સાથે આવેલ સાથે આવેલ ભાઈ કેસ કઢાવવા માટે કેસ બારી તરફ ગયેલ ત્યારે સાથે રહેલી માતાથી વિખુટી પડી સિવિલ

હોસ્પિટલના ત્રીજા માળેથી ઝંપલાવી આપઘાત કરી લેતા સાથે નો પરિવાર પણ અવાચક થઈ ગયેલ યુવતીના ભાઈએ જણાવેલ કે જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં યુવતી નિ સારવાર ચાલુ છે આ બીજી વખત બતાવવા આવેલ ઘટનાના પગલે હોસ્પિટલ પરિસરમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી ફરજ પરના ડોક્ટર તેમજ નર્સ નો સ્ટાફ તાત્કાલિક બનાવના સ્થળે પહોંચી યુવતી ને તાત્કાલિક સારવાર વિભાગમાં સારવાર આપવાનું શરૂ કર્યું હતું સારવાર કારગત નિવડે તે પહેલાં જ યુવતીનું કમકમાટી ભર્યું મોત નીપજવા પામ્યું હતું યુવતી જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે આવેલ હોવાનું સૂત્રો મારફત જાણવા મળી રહ્યું છે તેમજ યુવતીના આપઘાત ના કારણ જાણવા મામલે પોલીસે તપાસનો દોર શરૂ કર્યો છે ૨૩ વર્ષીય યુવતીએ બીમારીથી કંટાળીને ત્રીજા માળેથી ઝંપલાવ્યું કે આપઘાતની પાછળ અન્ય કોઈ કારણ કારણ ભૂત છે તે મામલે હાલ પોલીસમાં પણ અટકળો સેવાઈ રહી છે ઘટનાના પગલે શહેર ભરમાં અરેરાટી સાથે ચકચાર નો માહોલ ઉભો થવા પામ્યો હતો.

# લોહાનગર મેઈન રોડ પર હોટલ સંચાલક પર ત્રણ શખ્સોનો ખૂની હૂમલો

## રંગોલી કોમ્પ્લેક્સ સામે એકટીવા પાર્ક કરવાની વેપારીએ ના કહેતા ત્રણ શખ્સો ધોકા અને પાઈપ વડે તુટી પડયા:એ ડિવિઝન પોલીસે હત્યાની કોશીસ નો ગુનો નોંધી હૂમલાખોરોની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

લોહાનગર મેઈન રોડ પર હોટલના સંચાલક પટેલ વેપારીએ હોટલ સામે બાઈક કરવાની ના કહેતા ઉશ્કેરાયેલા ત્રણ શખ્સોએ લોખંડના પાઈપ અને ધોકા વડે ખુની હૂમલો કરી વેપારીને ગંભીર ઈજા પહોંચાડી નાસી જતા એ ડિવિઝન પોલીસમાં ત્રણ શખ્સો વિરૂધ્ધ હત્યાની કોશીસનો ગુનો નોંધાયો છે.



આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગોંડલ રોડ પર પી.ડી.માલવિયા કોલેજ પાછળ અંબાજી કડવા પ્લોટ મેઈન રોડ પર રહેતા અને લોહાનગર મેઈન રોડ રંગોલી કોમ્પ્લેક્સ સામે હોટલ ચલાવતા નરેન્દ્રભાલ ઉર્ફે મુનાભાઈ ગોરધનભાઈ ચાંગેલા (ઉ.વ.૫૨)નામના પટેલ વેપારીએ એ ડિવિઝન પોલીસમાં લોહાનગર મફતિયાપરામાં રહેતો આર્યન તથા અજય અને એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છેકે, ગઈકાલે પોતે અને તેના કાકા રમેશભાઈ ચાંગેલા હોટલ ખાતે હાજર હતા ત્યારે આ ત્રણેય શખ્સો એકટીવા લઈ આવી હોટલની સામે પાર્ક કર્યું હોય જેથી તેને સમજાવેલ કે હોટલમાં આવતા ગ્રાહકોના વાહન પાર્ક કરવાના હોય તેમ કહેતા આ ઉશ્કેરાયેલા ત્રણેય શખ્સો લોખંડના પાઈપ અને ધોકા લઈ આવી બંને કાકા-ભત્રીજા પર જીવલેણ હૂમલો કરી શરીરે ગંભીર ઈજા કરી હત્યા કરવાની કોશીસ કરી નાસી ગયા હતા બનાવ બાદ ગંભીર રીતે ઘવાયેલા કાકા-ભત્રીજાને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવના પગલે એ ડિવિઝન પોલીસના પીઆઈ આર.જી.બારોટ સહિતના સ્ટાફે હત્યાની કોશીસનો ગુનો નોંધી ત્રણેય શખ્સોની શોધખોળ આદરી છે.

# પૂર્વ કેબીનેટ મંત્રી જવાહર ચાવડાના મોટાભાઈને પાંચ ચેક રિટર્ન કેસમાં એક-એક વર્ષની જેલ

## સાણંદની જમીન અન્યની માલિકીની હોવા છતાં જમીનનું ખોટું સાટાખત કરી રૂ.૮૦ લાખ પડાવી લઈ પરત કરવા આપેલા ચેક રિટર્ન થયાઃ છ મહિનામાં નવ ટકા વ્યાજ સાથે રકમ ન ચુકવે તો વધુ ત્રણ માસની સજાનો હુકમ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યના પૂર્વ કેબીનેટ મંત્રી અને માણાવદરના પૂર્વ ધારાસભ્ય જવાહર ચાવડાના મોટાભાઇ જગદીશ ચાવડાએ સાણંદ ગામ તળની જમીન અન્યની માલિકીની હોવા છતાં જમીનનું ખોટું બાનાખત કરી રૂ.૮૦ લાખ પડાવી લીધા હતા. જેની ચુકવણી પેટે આપેલા જુદા જુદા પાંચ ચેક પરત ફરતા કોર્ટે જગદીશ ચાવડાને એક- એક વર્ષની સજા અને છ માસમાં ફરિયાદીને રિટર્ન થયેલા ચેકની રકમ ૯ ટકાના વ્યાજ સાથે ન ચૂકવે તો વધુ ત્રણ માસની સજા ફરમાવતો હુકમ કરાયો છે.

આ અંગેની માહિતી મુજબ ગુજરાત રાજ્યના પૂર્વ કેબીનેટ મંત્રી અને માણાવદરના પૂર્વ ધારાસભ્ય જવાહર ચાવડાના મોટાભાઇ જગદીશ ચાવડાએ સાણંદ ગામ તળની જમીન એક વર્ષમાં દસ્તાવેજ કરી આપવાની શરતે રૂ.૮૦ લાખ ચેકથી લઈ વર્ષાબેન જયંતિભાઈ આહીરને વિશ્વાસમાં લઇ વેચી હતી. પરંતુ ચાર વર્ષ સુધી જમીનનો દસ્તાવેજ ન કરી આપતા જમીન ખરીદનારના પતિ જયંતિભાઈ આહીરએ સાણંદ મામલતદાર કચેરીમાં રેવન્યુ રેકોર્ડ ચેક કરતા જગદીશ પેથલજીભાઈ ચાવડાએ વેચેલી જમીન હકીકતમાં તેઓની માલિકીની ન હતી. અને અન્યની માલિકીની જમીનનું ખોટું બાનાખત કરી રૂ.૮૦ લાખ પડાવી લીધા હતા. આ અંગે ફરિયાદીએ જગદીશ ચાવડાને રૂબરૂ મળી પોતાની સાથે થયેલ વિશ્વાસઘાતની વાત કરતા રૂ.૫૦ લાખ ચેકથી પરત કરી દીધા હતા. જ્યારે બાકીના રૂ.૨૯ લાખની રીવર્સ એન્ટ્રીઓ કરવા ફરિયાદીના પરિવારના સભ્યોના નામે જુદાજુદા પાંચ ચેક આપ્યા હતા. જે પાંચેય ચેક વગર વસુલાતે રિટર્ન થયા હતા. આ અંગે જયંતિભાઈ હરસુરભાઇ આહીરે પાંચય ચેક રિટર્ન થયાની જગદીશ ચાવડા (રહે. શેલવ કોમ્પ્લેક્ષ, રાજપથ ક્લબ સામે, એસ.જી. હાઇવે, અમદાવાદ)ને કાયદાકીય નોટીસ આપી એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદમાં જુદી જુદી પાંચ ચેક રિટર્નની ફરિયાદ નોંધાવી હતી. જે કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા ન્યાયાધીશએ આરોપી જગદીશ પેથલજીભાઇ ચાવડાને કસૂરવાન ઠેરવી એક-એક વર્ષની સજા અને છ માસમાં ફરિયાદીને રિટર્ન થયેલા ચેકની રકમ ૯ ટકાના વ્યાજ સાથે ન ચૂકવે તો વધુ ત્રણ માસની સજા ફરમાવતો હુકમ કર્યો છે.

આ કેસમાં ફરિયાદી જયંતિભાઈ આહીર તરફે વકીલ રવિ વત્સલ દેસાઈ રોકાયા હતા.

# અન્ય જિલ્લામાંથી બદલી થયેલા નવ પીએસઆઈને અલગ અલગ પોલીસ મથકોમાં પોસ્ટીંગ અપાયુ

## હેડ કવાર્ટર ખાતે તાલીમ પૂર્ણ કરનાર ૨૪૭ લોક રક્ષકને પોલીસ મથકો નિમણુંક કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં અલગ અલગ જિલ્લામાંથી આવેલા નવ જેટલા પીએસઆઈને અલગ અલગ પોલીસ મથકમાં પોસ્ટિંગ આપવામાં આવ્યા હતા. તેમજ તાલીમ પૂર્ણ કરનાર ૨૪૮ લોકરક્ષકોને શહેરના અલગ અલગ પોલીસ મથકમાં નિમણૂંકના હુકમ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા કરવામાં આવ્યા છે. રાજકોટ શહેરમાં મુકાયેલ ૯ પીએસઆઈને અલગ અલગ પોલીસ મથકમાં પોસ્ટિંગ આપવામાં આવ્યા છે જેમાં સી. બી. જાડેજા આર્થિક ગુના નિવારણ શાખામાં, પી. સી. સરવૈયાને બી અ ડિવિઝન, જી. એમ. રાઠોડ પ્ર.નગર, એચ.વી.પટેલ યુનિવર્સિટી પોલીસ મથક, એ. આર. રાઠોડ આજીડેમ પોલીસ મથક, જે. એમ. પરમાર થોરાળા, કે. એચ. કારેણા તાલુકા પોલીસ મથક, જે.એમ.વાળા એ ડીવીઝન અને એસ.એમ.વાઘસિયાને એમ.ઓ.બી શાખામાં નિમણૂક આપવામાં આવી છે. તેમજ પોલીસ હેડક્વાર્ટરમાં તાલીમ પૂર્ણ કરનાર ૨૪૮ જેટલા લોકરક્ષકોની જુદા જુદા પોલીસ મથકમાં નિમણૂંક આપવામાં આવી હતી.

જેમાં એ ડીવીઝનમાં ૧૫, આજીડેમમાં ૧૯, એરપોર્ટમાં ૮, બી-ડીવીઝનમાં ૧૪, ભક્તિનગરમાં ૧૫, સાયબર ક્રાઈમમાં ૧૦, ગાંધીગ્રામમાં ૧૬, યુનિવસિટીમાં ૧૭, કુવાડવા રોડમાં ૧૪, મહિલા પોલીસ મથકમાં ૭, માલવીયાનગરમાં ૧૬, પ્ર.નગરમાં ૧૬, તાલુકામાં ૧૫, થોરાળા પોલીસમાં ૧૭ અને ટ્રાફિક શાખામાં ૩૯ની નિમણૂંક આપવામાં આવેલ છે.

# અર્જુન પાર્ટી પ્લોટના લગ્ન મંડપમાંથી રૂ.૩.૮૨ લાખની મત્તા ભરેલી બેગની ચોરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના એરપોર્ટ રોડ પર પેટ્રીયા હોટલ પાસે ગ્રીન પાર્કમાં રહેતા વિલાશગીરી હેમગીરી ગોસ્વામી નામના પ્રૌઢે તાલુકા પોલીસમાં અજાણી છોકરી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છેકે, નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા અર્જુન પાર્ટી પ્લોટમાં તેના પુત્રના લગ્નનું રિસેપ્શન રાખ્યું હોય તે દરમિયાન સ્ટેજ પાસે તેની પત્નીએ રૂ.૩.૮૨ લાખના દાગીના ભરેલું બેગ રાખ્યું હોય જે બેગ કોઈ અજાણી છોકરી રિસેપ્શન પાસે આવી ઉઠાવી નાસી ગઈ હોય જે ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસના પીએસઆઈ એલ.બી.ડીંડોરએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# યાજ્ઞિક રોડ પર બે બાઈકની ઉઠાંતરી કરનાર શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એમ.જે.હુણ તથા હેડ કોન્સ.કીરતસિંહ જાલા સહિતનો સ્ટાફ સામાકાંઠે દુધસાગર રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ચોરાઉ બાઈક સાથે ભગવતી સોસાયટીમાં રહેતો હનિફશા ઈબ્રાહિમશા શાહમદાર નામના શખ્સને દબોચી લઈ આકરી પૂછપરછ કરતા આ શખ્સે છ દિવસ પહેલા યાજ્ઞિક રોડ પર ટાઈટનના શો-રૂમ સામે અને કેનેડા બેંકની બાજુમાંથી બે બાઈકોની ઉઠાંત્તરી કર્યાની કબૂલાત આપતા પોલીસે રૂ.૫૮હજારની કિંમતના બે બાઈકો કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.





# અયોધ્યાથી જાત્રા કરી પરત આવેલાં વેપારીનો મોબાઈલ બસ પોર્ટમાંથી ચોરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અયોધ્યાથી જાત્રા કરી આવેલા ધોરાજીના વેપારીનો રૂ.૨૫ હજારનો મોબાઈલ ફોન રાજકોટ બસપોર્ટ માંથી કોઈ ચોરી જતાં એ. ડિવિઝન પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. ધોરાજીમાં હિરપરા વાડીમાં બાલા હનુમાન મંદિર પાસે રહેતાં અને પ્લાસ્ટીકની દોરીનો વેપાર કરતાં નીખીલભાઈ બાબુભાઈ ભાલાળા અયોધ્યા જાત્રા કરવા ગયા હતા અને નિખિલભાઈ અયોધ્યાથી ગઈ તા.૧૪/૦૨ ના રાત્રીના સાડા દશેક વાગ્યાની આસપાસ ટ્રેનમાં રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશન પર ઉતરેલ અને ધોરાજી જવાનું હોય જેથી ઓટો રીક્ષા કરી એસ.ટી બસ સ્ટેશન આવવા નીકળેલ હતા. નિખિલભાઈ રાત્રીના અગ્યારેક વાગ્યાના અરસામાં બસ સ્ટેન્ડ બહાર ઓટો રીક્ષામાંથી બસ સ્ટેન્ડ પહોંચ્યા બાદ બસ સ્ટેન્ડના ગેટ સામે રોડ પર ઉતરેલ ત્યારે તેમના ખીસ્સામા રાખેલ મોબાઈલ ફોન જોવામા આવેલ ન હોય અને તપાસ કરતાં મોબાઈલ ફોન મળી આવ્યો ન હતો.જેથી કોઈ અજાણ્યો શખ્સ રૂ.૨૫ હજારનો મોબાઈલ ફોન ચોરી ગયાની ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી એ. ડિવિઝન પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી.


**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**